અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ માર્ચ ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ છઠ | અંક : ૨૧૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પીએમ સૂર્ય ઘર યોજનાને કેબિનેટની મંજૂરી મળી

# દેશમાં એક કરોડ ઘરોમાં ૩૦૦ યુનિટ મફત વીજળીનો માર્ગ મોકળો થયો

**યોજના હેઠળ સરકાર ૧ કરોડથી વધુ ઘરોમાં રૂફટોપ સોલાર પેનલ લગાવશે, ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા લાવવા માટે સરકારે આ યોજના શરૂ કરી છે**

। નવી દિલ્હી, તા.૨૯ ।

૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પીએમ સૂર્યોદય યોજનાની જાહેરાત કરી હતી. આ યોજનાનું નામ પાછળથી બદલીને પીએમ સૂર્ય ઘર યોજના રાખવામાં આવ્યું. આ યોજના હેઠળ ૧ કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફત વીજળી મળશે. આજે કેન્દ્રીય કેબિનેટે આ યોજનાને મંજૂરી આપી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી પીએમ સૂર્ય ઘર યોજનાને ગુરુવારે મળેલી કેબિનેટની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. પીએમ મોદીએ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ આ યોજનાની જાહેરાત કરી હતી.

આ યોજનામાં સરકાર સોલાર પેનલ લગાવવા માટે સબસિડીનો લાભ આપે છે. આ સિવાય આ યોજના હેઠળ ૧ કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફત વીજળી મળી શકશે. આ યોજનાનું પહેલા નામ પીએમ સૂર્યોદય યોજના હતું. આ યોજનામાં સરકાર સોલાર પેનલ લગાવવા માટે સબસિડી આપે છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ એક કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફત વીજળી મળશે. પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના હેઠળ સરકાર ૧ કરોડથી વધુ ઘરોમાં રૂફટોપ સોલાર પેનલ લગાવશે. ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા લાવવા માટે સરકારે આ યોજના શરૂ કરી છે. આ યોજનામાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સામેલ કરવામાં આવ્યા છે. આ યોજના હેઠળ સરકાર સોલાર પેનલ લગાવવા માટે સબસિડીનો લાભ આપે છે. આવી સ્થિતિમાં લોકો પર સોલાર પેનલ લગાવવાના ખર્ચનો બોજ નહીં પડે. તમને જણાવી દઈએ કે સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડી સીધી લાભાર્થીઓના ખાતામાં આવશે.

#### યોજનાની પાત્રતા શું છે

- આ યોજનાનો લાભ ફક્ત ભારતીય રહેવાસીઓને જ મળશે.
- અરજદારની વાર્ષિક આવક રૂ. ૧ અથવા ૧.૫ લાખથી વધુ ન હોવી જોઈએ.
- અરજદાર પાસે તમામ દસ્તાવેજો હોવા આવશ્યક છે.
- સરકારી સેવા સાથે જોડાયેલા લોકોને આ યોજનાનો લાભ નહીં મળે.

**આ દસ્તાવેજો જરૂરી છે**

● આધાર કાર્ડ ● સરનામાનો પુરાવો ● વીજળી બિલ ● આવકનું પ્રમાણપત્ર ● મોબાઇલ નંબર ● બેંક પાસબુક ● પાસપોર્ટ સાઇઝનો ફોટો ● રેશન કાર્ડ



**શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો**

## સેન્સેક્સ-નિફ્ટીમાં મજબૂતી, અદાણીના ૭ શેર લીલા નિશાને

**તેજીવાળા શેરોમાં અદાણી એન્ટરપ્રાઈઝ, ટાટા કન્ઝ્યુમર, ઈન્ડસઈન્ડ બેંક, અદાણી પોર્ટ્સનો સમાવેશ થાય છે**

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

શેરબજાર ગુરુવારે ૧૯૫ પોઈન્ટના વધારા સાથે સમાપ્ત થયું. બીએસઈસેન્સેક્સ ૭૨ ૫૦૦ ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે જ્યારે નિફ્ટી ૩૨ પોઈન્ટ વધીને ૨૧૯૮૩ ના સ્તર પર બંધ થયો છે. ગુરુવારે શેરબજારની કામગીરીમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો. કારોબારના અંતે શેરબજાર મજબૂતી પર બંધ થવામાં સફળ રહ્યું હતું. નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડાયસિસની સાથે નિફ્ટી ઓટો, નિફ્ટી ફાર્મા, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસે પણ વધારો નોંધાવ્યો હતો. ભારતમાં સામાન્ય ચૂંટણીઓ દલાલ સ્ટ્રીટના રોકાણકારો માટે ખૂબ મહત્વ ધરાવે છે કારણ કે અંતિમ પરિણામો પહેલાં પ્રારંભિક વલણો, અભિપ્રાય પોલ અને એક્ઝિટ પોલ સૂચવે છે કે કયો પક્ષ આ રમત જીતી શકે છે. સામાન્ય ચૂંટણી પહેલા બજારમાં કોઈ મોટા કરેક્શનની અપેક્ષા નથી. શેરબજારમાં તેજીવાળા શેરોમાં અદાણી એન્ટરપ્રાઈઝ, ટાટા કન્ઝ્યુમર, ઈન્ડસઈન્ડ બેંક, અદાણી પોર્ટ્સ, બ્રિટાનિયા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને પાવર ગ્રીડનો સમાવેશ થાય છે.

### ન્યૂઝ બ્રિફ

#### મેદાનમાં ઘૂસી આવેલા શખ્સને યુપીની સુકાનીએ ધકેલી મુક્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

ડબલ્યુપીએલ ૨૦૨૪માં ગઈકાલે યુપી વોરિયર્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મેચ રમાઈ હતી. સતત બે મેચ હાર્યા બાદ યુપી વોરિયર્સને ગઈકાલે લીગમાં પ્રથમ જીત મળી હતી. ટીમે આ સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને પોતાની જીતનું ખાતું ખોલ્યું હતું. આ મેચમાં ચાહકોને ટીમની કેપ્ટન અને ઓસ્ટ્રેલિયન ખેલાડી એલિસા હીલીનો અલગ રૂપ પણ જોવા મળ્યો. આ મેચ દરમિયાન એક દર્શક મેદાનમાં ઘુસી ગયો હતો, જેને યુપી વોરિયર્સની કેપ્ટન અને વિકેટકીપર એલિસા હીલીએ રોક્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સની ઈનિંગની છેલ્લી ઓવરમાં આ ઘટના બની હતી. આ દરમિયાન એક દર્શક સુરક્ષાનો ભંગ કરીને મેદાનની વચ્ચે આવી ગયો હતો. આ પછી એલિસા હીલીને લાગ્યું કે તે પિચને નુકસાન પહોંચાડશે, ત્યારબાદ તેણે આ દર્શકને પકડી લીધો અને તેને અલગ કરી દીધો. આ દરમિયાન વિકેટકીપિંગ કરી રહેલી હીલીએ આ દર્શકને પિચ તરફ જતા રોકવા માટે દરેક સંભવ પ્રયાસ કર્યો હતો.

#### એક્સ પર કોલ કરવા માટે યુઝર્સે ફોન નંબર એન્ટર નહીં કરવો પડે

। વોશિંગ્ટન, તા.૨૯ ।

ઈલોન મસ્કે એક્સ (એક્સ) યુઝર્સને મોટી ભેટ આપી છે. હવે યુઝર્સ એક્સ પર વોઈસ અને વીડિયો કોલ કરી શકશે. ખાસ વાત એ છે કે એક્સ પર કોલ કરવા માટે યુઝર્સે ફોન નંબર એન્ટર કરવાનો રહેશે નહીં. આ સેવાનો લાભ લેવા માટે એક્સના પ્રીમિયમ સબસ્ક્રિપ્શનની પણ જરૂર નથી. શરૂઆતમાં આ સુવિધા ફક્ત પ્રીમિયમ યુઝર્સ માટે જ ઉપલબ્ધ હતી. હવે તે તમામ યુઝર્સ માટે રોલઆઉટ કરવામાં આવી રહી છે. એક્સનું આ ફીચર વોટ્સએપને ટક્કર આપવા જઈ રહ્યું છે. એક્સ (એક્સ)ના એન્જિનિયર એનરિક બેરેગને સોશિયલ મીડિયા પર આ સુવિધા વિશે માહિતી આપતા લખ્યું, “કંપની નોન-પ્રીમિયમ યુઝર્સ માટે ધીમે ધીમે ઓડિયો અને વીડિયો કોલિંગ ફીચર્સ લાવી રહી છે. નવા અપડેટના આગમન સાથે યુઝર્સ હવે તેવા એકાઉન્ટ્સથી કોલ્સ રિસીવ કરી શકે છે, જેને તે ફોલો કરે છે અથવા તે કોન્ટેક્ટ તેમની એક્સ એડ્રેસ બુક છે.

### મમતા બેનર્જી સરકાર સામે એક નવી મુશ્કેલી

# ૮૩ જાતીઓને ઓબીસીમાં સામેલ કરવા અંગેની ભલામણ એનસીબીસીએ ફગાવી

**મમતા સરકારે જે ૮૩ જાતિઓને ઓબીસી યાદીમાં સામેલ કરવાની ભલામણ કરી છે તેમાંથી ૭૩ મુસ્લિમ**

। (એજન્સી) કોલકાતા, તા.૨૯ ।

પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકાર સામે એક નવી મુશ્કેલી ઉભી થઈ ગઈ છે. અન્ય પછાત વર્ગો (ઓબીસી) માં અનેક ડઝન જાતિઓનો સમાવેશ કરવાની બંગાળ સરકારની ભલામણ સામે રાષ્ટ્રપતિને ફરિયાદ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. ખરેખર તો નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસ (એનસીબીસી) એ ઓબીસીની કેન્દ્રીય યાદીમાં ૮૩ જાતિઓનો સમાવેશ કરવાની રાજ્યની ભલામણ સામે ગંભીર વાંધો વ્યક્ત કર્યો છે. એટલું જ નહીં આયોગે રાજ્યની યાદીમાં કેટલાક સમુદાયોના સમાવેશ સામે પણ વાંધો ઉઠાવ્યો છે અને આ અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ફરિયાદ કરવાનો નિર્ણય લીધો છે.

અહેવાલ મુજબ મમતા સરકારે જે ૮૩ જાતિઓને કેન્દ્રીય ઓબીસી યાદીમાં સામેલ કરવાની ભલામણ કરી છે તેમાંથી ૭૩ મુસ્લિમ સમુદાયની છે. હવે એનસીબીસીએ આનો સખત વિરોધ કર્યો છે. પછાત વર્ગ આયોગનું કહેવું છે કે રાજ્ય સરકારે આ જાતિઓની સામાજિક અને શૈક્ષણિક પછાત હોવા પર નવો ડેટા રજૂ કર્યો નથી. એનસીબીસીના અધ્યક્ષ હંસરાજ ગંગારામ આહિરે કહ્યું, આ મામલો છ મહિના કરતાં વધુ સમયથી પેન્ડિંગ છે.

### ૧૯૯૩ના શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કેસમાં કોર્ટનો ચુકાદો

## બ્લાસ્ટ કેસમાં આતંકી અબ્દુલ કરીમ ટૂંડા નિર્દોષ, અન્ય બેને આજીવન કેદ

। (એજન્સી) અજમેર, તા.૨૯ ।

અજમેરની ટાડા કોર્ટે ૧૯૯૩ના શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ કેસમાં આતંકવાદી અબ્દુલ કરીમ ટુંડાને નિર્દોષ જાહેર કર્યો છે. આ ઉપરાંત આ કેસમાં અન્ય બે આરોપી ઈરફાન અને હમીદુદ્દીન ને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. હાલ ટુંડા અજમેરની જેલમાં બંધ છે. અયોધ્યામાં બાબરી મસ્જિદના ધ્વંસ પછી, ૧૯૯૩માં કોટા, લખનઉ, કાનપુર, હૈદરાબાદ, સુરત અને મુંબઈની ટ્રેનોમાં શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ થયા હતા અને ટુંડા આ કેસોમાં આરોપી હતો. કોર્ટે શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ કેસમાં લગભગ ૩૦ વર્ષ બાદ પોતાનો ચુકાદો આપ્યો છે. અજમેરની ટાડા કોર્ટના ન્યાયાધીશ મહાવીર પ્રસાદ ગુપ્તાએ અનેક સાક્ષીઓ, પુરાવાઓ અને વર્ષોની ચર્ચા પછી પોતાનો ચુકાદો આપતાં આતંકવાદી અબ્દુલ કરીમ ટુંડાને નિર્દોષ જાહેર કર્યો હતો. અબ્દુલ કરીમ ટુંડાના વકીલ શફકત સુલતાનીએ જણાવ્યું હતું કે સીબીઆઈ કોર્ટ દ્વારા કરાયેલા આરોપોને કોર્ટે સ્વીકાર્યા નથી અને આરોપીને નિર્દોષ જાહેર કર્યો છે. આ ઉપરાંત આ કેસમાં અન્ય બે આરોપી ઈરફાન અને હમીમુદીનને કોર્ટે દોષિત ઠેરવ્યા છે.

## હિમાચલના સ્પિકરે કોંગ્રેસના છ ધારાસભ્યોનું સભ્યપદ રદ કર્યું

। (એજન્સી) સિમલા, તા.૨૯ ।

તાજેતરમાં રાજ્યસભાની ચૂંટણીમાં હિમાચલ પ્રદેશમાં ક્રોસ વોટિંગ કરનારા કોંગ્રેસના ૬ ધારાસભ્યોને મોટો ઝટકો લાગ્યો છે. વિધાનસભાના સ્પીકર તમામ ૬ ધારાસભ્યોનું સભ્યપદ રદ કરી દીધું છે. તેમના પર પાર્ટીના વ્હિપનું ઉલ્લંઘન કરવાનો આરોપ હતો. વિધાનસભાના સ્પીકર કુલદીપ પઠાનિયાએ આ માહિતી આપી હતી. કોંગ્રેસના ૬ બળવાખોર ધારાસભ્યો અને રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરનારાઓ સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમના પર સ્પીકરે લોકતાંત્રિક મૂલ્યોનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે તમામ પક્ષોને સાંભળ્યા બાદ મેં આ નિર્ણય લીધો હતો. આ જનાદેશનું અપમાન હતું. અયોગ્ય જાહેર થયેલા ધારાસભ્યોમાં રાજેન્દ્ર રાણા, ઈન્દર દત્ત લખનપાલ, દેવેન્દ્ર સિંહ ભુટ્ટો, સુધીર શર્મા, ચૈતન્ય શર્મા અને રવિ ઠાકુરનો સમાવેશ થાય છે.

હિમાચલ પ્રદેશમાં બળવાખોર ધારાસભ્યોની સભ્ય પદ રદ થયા બાદ હવે મોટો પ્રશ્ન એ છે કે શું આનાથી મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુનું સંકટ ઘટશે? હવે ૬૮ સભ્યોની વિધાનસભામાં બહુમતીનો આંકડો બદલાઈ ગયો છે. હવે છ ધારાસભ્યોના સભ્યપદ રદ થયા બાદ ગૃહમાં ૬૨ સભ્યો રહ્યા છે.

## બે મહિનાથી નાસતા ફરતા શેખ શાહજહાંને આખરે પોલીસે દબોચ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

પશ્ચિમ બંગાળના સંદેશખાલી હિંસા પ્રકરણમાં તૃણમુલ કોંગ્રેસના નેતા અને મમતા બેનરજીના સાથીદાર શાહજહાંની પોલીસે આખરે ધરપકડ કરી હતી. છેલ્લા બે મહિનાથી પોલીસ તેને શોધી રહી હતી પરંતુ શાહજહાંનો કોઈ પતો ન હતો. શાહજહાંએ તેના ઘરે તપાસ કરવા આવેલી ઈડીની ટીમ પર ઘાતક હુમલો કરાવ્યો ત્યારથી તેની શોધખોળ ચાલુ હતી. શાહજહાંએ કેટલીક મહિલાઓ પર રેપ કર્યો હોવાના તથા ઘણી મહિલાઓની જમીન પચાવી પાડી હોવાના આરોપ છે. શાહજહાંના મુદ્દે કેન્દ્ર સરકાર અને પશ્ચિમ બંગાળ સરકાર વચ્ચે વિવાદ ચાલતો હતો. પશ્ચિમ બંગાળમાં સંદેશખાલીમાં એક માફિયાની જેમ પોતાનું રાજ ચલાવનાર શાહજહાંને લગભગ ૫૫ દિવસ પછી પકડવામાં આવ્યો છે. ભાજપે આરોપ મુક્યો છે કે શાહજહાં એક માફિયા છે અને તેને તૃણમુલ કોંગ્રેસ છાવરી રહી છે. ૫૩ વર્ષના શાહજહાંને નોર્થ ૨૪ પરગણાના મીનાખાન એરિયામાંથી પકડવામાં આવ્યો હતો અને તેને આજે કોર્ટમાં રજુ કરવામાં આવશે તેમ પોલીસ અધિકારી અમિનુલ ઈસ્લામ ખાને જણાવ્યું હતું. કલકત્તા હાઈકોર્ટે શાહજહાં મામલે રાજ્ય સરકારને ફટકાર લગાવી તેના ત્રણ દિવસ પછી શાહજહાંની ધરપકડ કરવામાં આવી છે.



## હવામાન વિભાગે રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતમાં બદલાતા વાતાવરણ વચ્ચે હવે હવામાન વિભાગની મોટી આગાહી સામે આવી છે. વાત જાણે એમ છે કે, રાજ્યમાં કમોસમી વરસાદને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, વેસ્ટર્ન ડિસ્ટરબન્સ ૧ માર્ચે એ સક્રીય થતા કમોસમી વરસાદ રહેશે. હવામાન વિભાગની આગાહી મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૧ માર્ચે સક્રીય થતા કમોસમી વરસાદ રહેશે. આ સાથે દરિયાઈ કાંઠાના વિસ્તારમાં કમોસમી વરસાદ રહેશે અને ૧૦ થી ૧૨ કિમીની ઝડપે પવન રહેશે. હવામાન વિભાગે રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરતાં ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી સહિતના શહેરમાં કમોસમી વરસાદ રહેશે. આ સાથે અમરેલી, ભાવનગર, પોરબંદર, દ્વારકા સહિત શહેરમાં કમોમસી વરસાદ રહેશે. હવામાન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વધુ અસર રહેશે.

## મરચાં બાદ હવે ઘઉંથી ઉભરાયુ ગોંડલ માર્કેટિંગ યાર્ડ

। (એજન્સી) ગોંડલ, તા.૨૯ ।

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં હાલ ઘઉંની પુષ્કળ આવક થઈ રહી છે. મરચાં બાદ હવે માર્કેટિંગ યાર્ડ ઘઉંથી ઉભરાઈ રહ્યુ છે. યાર્ડમાં રોજની ૧૫ થી ૨૦ હજાર બોરી ઘઉંની આવક થઈ રહી છે. પુષ્કળ આવકને પગલે યાર્ડમાં જગ્યા ઓછી પડતી હોવાથી હાલ પુરતી આવક સ્થગીત કરાઈ છે. ફેબ્રુઆરી મહિનો એટલે ઘઉંના પાકની લણણીનો સમય. સૌરાષ્ટ્રભરમાં ઘઉંનો નવો પાક તૈયાર થઈ ગયો છે. રાજકોટના ગોંડલ માર્કેટ યાર્ડમાં ઘઉંની પુષ્કળ આવક જોવા મળી છે. ઘઉંની એટલી આવક થઈ છે કે જગ્યાના અભાવે ઘઉંની આવક હાલ પુરતી સ્થગિત કરવાની ફરજ પડી છે. ગોંડલ માર્કેટ યાર્ડમાં દરરોજ ૧૫થી ૨૦ હજાર બોરી ઘઉંની આવક થઈ રહી છે. રોડની બન્ને બાજુ ખેડૂતોના વાહનોની કતાર લાગેલી જોવા મળે છે.



ગાંધીઆશ્રમ પાસે પૂર્વ સ્વ.મોરારજીભાઈ દેસાઈની અભયઘાટ પર બનાવેલ સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# અમદાવાદ જિલ્લાના વિકાસની ગાથા રજૂ કરતી વિકાસ વાટિકા 'ઐતિહાસિક અમદાવાદ'નું વિમોચન કરાયું

### કલેક્ટર શ્રી પ્રવીણા ડી.કે.એ માહિતીસભર અને આકર્ષક વિકાસ વાટિકા તૈયાર કરવા બદલ માહિતી વિભાગને અભિનંદન પાઠવ્યા

। અમદાવાદ, તા.૨૯ ।

આઝાદીના અમૃતકાળના યાદગાર પર્વ નિમિત્તે અમદાવાદ જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કરવામાં આવેલ વિકાસ કાર્યો તથા સરકારશ્રીની યોજનાકીય સિદ્ધિઓને ઉજાગર કરતી વિકાસ વાટિકા 'ઐતિહાસિક અમદાવાદ'નું વિમોચન અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી પ્રવીણા ડી.કે. અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાદેશિક માહિતી કચેરીના નાયબ માહિતી નિયામખ શ્રી હિમાંશુ ઉપાધ્યાય તથા જિલ્લા આયોજન અધિકારી સુશ્રી શ્રદ્ધા બારોટ ઉપસ્થિત રહ્યા હતા. કલેકટર શ્રી પ્રવીણા ડી.કે. એ માહિતીસભર અને આકર્ષક વિકાસ વાટિકા તૈયાર કરવા બદલ માહિતી વિભાગને અભિનંદન પાઠવ્યા હતા તથા વિકાસ વાટિકાના માહિતીસભર સંપૂટને તેમણે બિરદાવ્યું હતું. વિકાસ વાટિકા 'ઐતિહાસિક અમદાવાદ' કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરી



અને જિલ્લા આયોજન કચેરીના સંયુક્ત પ્રયાસોથી તૈયાર કરવામાં આવી છે. જેમાં અમદાવાદ જિલ્લાના ઈતિહાસની ઝાંખી, જિલ્લાની વિવિધ કચેરીઓની કામગીરી તથા સરકારશ્રીની સિદ્ધિઓ, સાફલ્યગાથાઓ સહિત પ્રવાસન, રસ્તા, પાણી, સિંચાઈ, પ્રાકૃતિક કૃષિ, બાગાયત, વીજળી, આરોગ્ય, શિક્ષણ જેવા અનેક વિષયો આવરી લેવામાં આવ્યા છે. સંયુક્ત માહિતી નિયામક શ્રી અમિત ગઢવી, નાયબ માહિતી નિયામકશ્રી હિમાંશુ ઉપાધ્યાય, સહાયક માહિતી નિયામક શ્રી ડૉ. દિવ્યેશ વ્યાસ, શ્રી રેસુંગ ચૌહાણ, શ્રી હરીશ પરમાર અને જિલ્લા આયોજન અધિકારીશ્રી શ્રદ્ધા બારોટએ સંપાદન કાર્યમાં ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંપાદન શાખાના શ્રી મીનેષ પટેલ, શ્રી વિવેક ગોહિલ તેમજ શ્રી શ્રદ્ધા ટીકેશ તેમજ આયોજન અને માહિતીના વિભાગના કર્મચારીઓએ પુસ્તિકા બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. વિકાસ વાટિકામાં તસવીરકાર તરીકે શ્રી પરવેઝ લાખવા, શ્રી મહેન્દ્ર પરમાર અને શ્રી રુદ્રેશ ત્રિવેદીએ સેવા આપી હતી. આ પુસ્તિકા વિદ્યાર્થીઓ તથા અભ્યાસુઓ માટે જ્ઞાનવર્ધક બની રહેશે.

## સંકેત પકડવા પહેલા હોશિયારી અને ચતુરાઈને છોડો

### સંકેત સમજવા માટે બુદ્ધપુરુષની સામે ક્યારેય જૂઠું ન બોલો

### કથા-વિચારપ્રધાન, ઉચ્ચારપ્રધાન અને આચારપ્રધાન હોય છે



શ્રીધામ અયોધ્યાથી પ્રવાહિત રામકથાનાં છઠ્ઠા દિવસે

આ કથા બીજપંક્તિ સાથે ભગવાન શિવ,પાર્વતીને કથા સંભળાવતા પહેલા ધ્યાન કરે છે. પછી બાલ રૂપનું સ્મરણ કરી અને કહે છે કે જેના નામનું સ્મરણ કરવાથી બધી જ સિદ્ધિઓ સુલભ થઈ જાય છે. ભગવાન પતંજલિએ પોતાના યોગ સૂત્રમાં સિદ્ધિઓની વાત કરી છે. સિદ્ધિ પ્રાપ્ત કરવાના પાંચ કેન્દ્રબિંદુ છે.પતંજલિએ યોગમાં આખી પ્રક્રિયા બતાવેલી છે.

એક છે-જન્મ:ઘણા જન્મથી જ સિદ્ધ હોય છે. આપણે જોઈએ છીએ કે જન્મ પછી ઘણા બાળકોમાં માધુર્યના દસે દસ લક્ષણ હોય છેઃ સૌંદર્ય, સ્ફૂર્તિ, સ્વચ્છતા, ઉજ્જવલ દેહ, રૂપ વગેરે લક્ષણો દેખાય છે. એક જન્મ સ્થાન છે-જન્મ.જેમ પ્રહલાદ જન્મથી સિદ્ધિ પ્રાપ્ત કરે છે.જન્મથી જ અસાધારણતા આવે છે.ધ્રુવ અને શિવાજી મહારાજ વગેરે આના ઉદાહરણો છે.

બાપુએ જણાવ્યું કે સંકેત પકડતા પહેલા હોશિયારી અને ચતુરાઈને છોડો.સંકેત સમજવા માટે બુદ્ધપુરુષની સામે ક્યારેય જૂઠું ન બોલો.

ઘણી કથા વિચારપ્રધાન હોય છે.બૌધિક વિચાર,હાર્દિક વિચાર,વિવેક વિચારને પ્રધાનતા આપે છે.ઘણી કથા ઉચ્ચારપ્રધાન હોય છે. શબ્દ આડંબર વધારે દેખાય છે.પણ શ્રેષ્ઠ કથા એ છે જે આચાર પ્રધાન છે.વક્તા અને શ્રોતા થોડાક સૂત્રો આચરણમાં,જીવનમાં ઉતારે છે.

ગુરુની આગળ કોઈ પોતાની બડાઈ કરે એ ઈચ્છા પણ છોડીને આવો તો સંકેત પકડી શકાશે.

બીજું-ઔષધિ સિદ્ધિ આપે છે.ઔષધિથી સિદ્ધિ મળે છે.ત્રીજું-સમાધિથી પણ સિદ્ધિ મળે છે.ચોથું- તપથી સિદ્ધિ મળે છે.પાંચમું-સમાધિથી સિધ્ધિ મળે છે.

પણ આપ જાણો છો સિદ્ધિ કરતા શુદ્ધિઓમાં મને વધારે રુચિ છે.

## વડોદરાની ઓળખ સમાન એમએસ યુનિવર્સિટીમાં બ્રિજની હાલત જર્જરિત

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

વડોદરાની ઓળખ સમાન એમએસ યુનિવર્સિટીમાં બ્રિજની હાલત જર્જરિત છે.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી અને ડી.એન.ગ્રાઉન્ડને જોડતો ૫૦ વર્ષ જૂનો લો લેવલનો બ્રિજ હાલ બિસ્માર સ્થિતિમાં છે. જેને વહેલી તકે સમારકામ થાય તેવી વિદ્યાર્થીઓએ માગ કરી છે. સંસ્કારીનગરી વડોદરાની ઓળખ સમાન એમએસ યુનિવર્સિટીમાં બ્રિજની હાલત જર્જરિત છે.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી અને ડી.એન. ગ્રાઉન્ડને જોડતો ૫૦ વર્ષ જૂનો લો લેવલનો બ્રિજ હાલ બિસ્માર સ્થિતિમાં છે. આ નાના બ્રિજ પરથી પસાર થઈને વિદ્યાર્થીઓ હોસ્ટેલથી ક્લાસરૂમ સુધી પહોંચતા હોય છે. પરંતુ આ બ્રિજ જર્જરિત હોવાથી વિદ્યાર્થીઓ ભયના ઓથાર નીચે રહે છે. લેક્ચરમાં સમયસર પહોંચવા માટે વિદ્યાર્થીઓ જર્જરિત બ્રિજનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે.

### ગુનો સાબિત થાય તો થઈ શકે છે ૨૦ વર્ષની જેલ

## લૂંટ કરવાના આરોપમાં આશિક પટેલની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમેરિકાના મેરીલેન્ડના માઉન્ટ આયરીમાં રહેતા આશિકકુમાર પટેલ નામના એક ગુજરાતીની અમેરિકન પોલીસ દ્વારા લૂંટના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. આશિક પટેલે રેલરોડ સ્ટ્રીટમાં આવેલા એક કન્વિનિયન્સ સ્ટોરમાં હથિયાર બતાવીને લૂંટ ચલાવી હતી તેવો તેના પર આરોપ છે. તેણે સ્ટોરના સ્ટાફને ધમકી આપીને પૈસાની ડિમાન્ડ કરી હતી, પરંતુ તે ક્રાઈમ સીન પરથી ભાગ્યો ત્યારબાદ તેને હારિસન કાઉન્ટીના ડેપ્યુટીઝ દ્વારા રોકવામાં આવ્યો હતો. ત્યારબાદ લોંગ બીચ પોલીસ ડિપાર્ટમેન્ટ સાથેના ઈન્વેસ્ટિગેશનમાં તે આર્મ્ડ રોબરીના ગુનામાં સંડોવાયેલો હોવાનું કન્ફર્મ થતાં તેની ધરપકડ કરીને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. અમેરિકામાં રોબરી થવી ખૂબ જ સામાન્ય વાત ગણાય છે, પરંતુ આ એક અતિ ગંભીર પ્રકારનો ગુનો છે.

મેરીલેન્ડ જેવા રાજ્યમાં જો કોઈ આરોપી પર હથિયાર બતાવી કોઈને લૂંટવાનો કે લૂંટવાનો પ્રયાસ સુદ્ધા કરવાનો ગુનો સાબિત થાય તો તેને ૨૦ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે, અને તેમાંથી અડધી સજા પૂરી થયા બાદ જ તેમને પેરોલ પર છૂટવા મળે છે. અમેરિકામાં જો કોઈને સામાન્ય ગુનામાં અરેસ્ટ કરવામાં આવે તો તે પાંચથી દસ હજાર ડોલરના બોન્ડ પર છૂટી જતો હોય છે, પરંતુ આશિક પટેલ પર કોર્ટે અઢી લાખ ડોલરનો બોન્ડ મૂક્યો છે, જે દર્શાવે છે કે તેના પર લાગેલો આરોપ કેટલો ગંભીર છે. અમેરિકામાં ગુજરાતીઓ રોબરીનો ભોગ બન્યા હોય તેવા તો ઘણા કિસ્સા સામે આવતા રહે છે, પરંતુ કોઈ ગુજરાતીની રોબરીના કેસમાં ધરપકડ થઈ હોય તેવી ઘટના ભાગ્યે જ બનતી હોય છે. અમેરિકાના જ જ્યોર્જિયામાં ૨૧ જાન્યુઆરીના રોજ એક ગેસ સ્ટેશનમાં રોબરી થઈ હતી, જેમાં પોલીસે પાછળથી ગેસ સ્ટેશનમાં કેશિયર તરીકે કામ કરતા રાજ પટેલ અને તેના બીજા એક સાથીદારની ધરપકડ કરી હતી. આ બંને પર ગેસ સ્ટેશનમાં ફેક રોબરીનું નાટક કરવાનો આરોપ હતો. આ ઘટનામાં પાંચ હજાર ડોલરની લૂંટ થઈ હતી, પરંતુ પોલીસે ગેસ સ્ટેશનનો વિડીયો ચેક કર્યો ત્યારે એવું જાણવા મળ્યું હતું કે રાજ પટેલ પર હુમલો કરીને કેશ કાઉન્ટરમાંથી પાંચ હજાર ડોલર લઈને ભાગી જનારો વ્યક્તિ ડેની કર્ટિસ ખરેખર તો તેની સાથે જ કામ કરતો હતો. રોબરી વખતે ઢળી પડવાનું નાટક કરનારો રાજ પટેલ ગણતરીની મિનિટોમાં જ ઉભો થઈ ગયો હતો, પરંતુ રોબરીની જાણ પોલીસને છેક અડધો કલાક પછી કરવામાં આવી હતી. પોલીસે સર્વેલન્સ ફુટેજ પણ ચેક કર્યા હતા, જેમાં લૂંટ કરનારો વ્યક્તિ ગેસ સ્ટેશન પરથી ભાગીને એક જગ્યાએ કપડાં બદલી પાછો ગેસ સ્ટેશન પર આવતા દેખાયો હતો. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે પોતે રાજ પટેલના કહેવા પર આ લૂંટ કરી હોવાની કબૂલાત કરી લીધી હતી.

### રાજ્યમાં ફરી એકવાર મારામારીની ઘટના ઘટી

## દાહોદમાં કેબલ હટાવવાની બાબતે બે જૂથો આમને સામને

### નજીવી બાબતને લઈને એકજ કોમના બે જૂથો વચ્ચે તલવારો ઉછળી હતી, અને બે પક્ષના ૧૩ લોકો થયા ઘાયલ થયા હતા

। (એજન્સી) દાહોદ, તા.૨૯ ।

દાહોદ જિલ્લાના ટાઉન પ્લેસમાં જુની કોર્ટ વિસ્તારમાં એક કેબલ હટાવવાની નજીવી બાબતને લઈને એકજ કોમના બે જૂથો વચ્ચે તલવારો ઉછળી હતી, અને બે પક્ષના ૧૩ લોકો થયા ઘાયલ થયા હતા. તમામ લોકોને શહેરની ઝાયડસ હૉસ્પીટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. દાહોદ શહેરમાં આવેલા જુની કોર્ટ વિસ્તારમાં એક જ કોમના બે જૂથો વચ્ચે મારમારીની ઘટના ઘટી છે, બન્ને જૂથો વચ્ચે મારામારીની ઘટના એવા સમયે બની જ્યારે શહેરમાં ખાતે ધાર્મિક પ્રસંગની તૈયારીઓ ચાલી રહી હતી. આ તૈયારીઓમાં લોકો ત્યાં ટેન્ટ અને અન્ય વસ્તુઓ લગાવી રહ્યાં હતા, તે સમયે તં કેબલ લગાવવા જતાં ત્યાંની મહિલાઓએ વિરોધ કર્યો અને કહ્યું કે, કેબલ વાયર અહીંથી થોડેક ઉપર લગાવો. આ બાબતને લઈને મામલો બિચકયો હતો, બન્ને જૂથો વચ્ચે તકરાર ઉગ્ર બનતા સામસામે લાકડીઓ અને તલવારો લઈને મારામારીમાં ઉતરી ગયા હતા. બે જૂથો વચ્ચે તલવારોથી મારામારી થતાં શહેરમાં દુકાનો પણ ટપોટપ બંધ થઈ ગઈ હતી.

રસ્તા પર થયેલી આ મારામારીની ઘટનાની જાણ પોલીસને થઈ અને પોલીસ આવે તે પહેલા ૧૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, આ ઘટનામાં પટેલ પરિવારના ૧૧ લોકો ઈજાગ્રસ્ત થયા હતા તેઓને ૧૦૮ની મદદથી દાહોદની ઝાયડસ સિવિલ હૉસ્પીટલ અને અન્યને બેને ખાનગી હૉસ્પીટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનામાં સામે પરિવારના બે લોકોને પણ માથાના ભાગ ઈજાઓ થઈ હતી.

**વિશેષ**

### વક્તાઓએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટેના પ્રશ્નો સંદર્ભે માર્ગદર્શન સાથે પ્રાકૃતિક ખેતી માટે પ્રેરિત કર્યા

# મહીસાગર જિલ્લાના મલેકપુર શ્રી મારુતિ વિદ્યાલય ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ-વ- પ્રદર્શન યોજાયો

। (માહિતી) મહીસાગર ।

પ્રાકૃતિક કૃષિ થકી દેશના ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ ઉન્નત બને તથા દેશનો પ્રત્યેક નાગરિક સ્વસ્થ બને અને તંદુરસ્ત બને અને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે અર્થે વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે વડાપ્રધાનશ્રીએ આહવાન કર્યું છે. રાજયના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે દિશામાં મહામહિમ રાજયપાલશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઝુંબેશના સ્વરૂપમાં કામગીરી કરવામાં આવી રહી છે.

મહીસાગર જિલ્લાના ખેડૂતોમાં પણ પ્રાકૃતિક કૃષિ અંગે વ્યાપક જાગરૂકતા લાવી પ્રાકૃતિક કૃષિનું અભિયાન જન આંદોલન બને તે અર્થે "પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ-વ-પ્રદર્શનનું જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં લુણાવાડા તાલુકાના મલેકપુર શ્રી મારૂતિ વિદ્યાલય ખાતે ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લું મૂકતા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે જમીન અને ખોરાકને ઝેર મુક્ત બનાવવા માટે



પ્રાકૃતિક ખેતી હવે આવનારા સમયની માંગ છે, પ્રાકૃતિક ખેતીથી ગાયના સંવર્ધન સાથે પરિવાર અને સમાજના આરોગ્યનું પણ જતન થશે. તેવી હિમાયત ખેડૂતોને સંબોધતા તેમણે કરી હતી. વધુમાં જણાવ્યું કે, આપણા પૂર્વજો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા રહ્યા હતા, ત્યારે આજે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને લઈ ખેતીના ક્ષેત્રમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ છે. આરોગ્ય માટે હાનિકારક જંક ફુડ વગેરેથી દૂર રહીએ, મીલેટ્સ સાથેનો આપણો પરંપરાગત ખોરાક અપનાવીએ. તેમ પ્રમુખે જણાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીથી ઉત્પાદન ઘટવાની સાથે ઉત્પાદિત થતા પાક-શાકભાજી વગેરેની લોકોના આરોગ્ય પર વિપરીત અસરો થઈ છે. જેના પરિણામે કેન્સર જેવા ગંભીર રોગોનું પ્રમાણ વધતું જાય છે. મહામૂલી માનવ જિંદગી મળી છે ત્યારે પ્રાકૃતિક વ્યવસ્થાઓ જાળવીને પ્રગતિ સાધીએ તે હિતાવહ છે.આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલે જણાવ્યું હતું કે વધુને વધુ લોકો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને તમામ લોકો પ્રાકૃતિક ખેતી કરતાં થાય તેના માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ ઝુંબેસ ચલાવવામાં આવે છે. આ પરિસંવાદમાં પ્રાકૃતિક વિકાસ બોર્ડ ગુજરાત રાજ્ય રાજ્ય સયોજક શ્રી પ્રફુલભાઈ સેજલિયાએ જમીન અને આરોગ્ય બચાવવા સાથે આપણા કુટુંબ અને આવનારી પેઢી માટે પ્રાકૃતિક કૃષિનો વારસો આપવા માટે ખેડૂતોને અનુરોધ કર્યો હતો. આ પરિસંવાદમાં ખેડૂત ભાઈઓ અને મહિલા ઓએ પ્રાકૃતિક ખેતી સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે તેની જરૂરિયાત અને મહત્વ વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના પ્રદર્શન માટે રાખવામાં આવેલા સ્ટોલ્સની મુલાકાત કરી હતી. સાથે જ ખેડૂતો પાસેથી પ્રાકૃતિક કૃષિ સંદર્ભે ચર્ચા કરી હતી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે આત્મા પ્રોજેક્ટ મહીસાગરના જે ડી પટેલે શાબ્દિક સ્વાગત કરતા મહાનુભાવો અને ખેડૂતોને આવકાર્ય હતા અને અંતમાં ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી નવનીત પટેલએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રી, ખેતીવાડી અધિકારીશ્રી સહિતના અધિકારીઓ પદાધિકારીઓ અને ખેડૂત ભાઈઓ અને મહિલા ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### નવા સંશોધનમાં હિમાલયને લઈને તથ્ય સામે આવ્યા | હિમાલયમાં જો ગ્લોબલ વોર્મિંગ 3 ડિગ્રી સેલ્સિયસ થાય તો વિકટ પરિસ્થિતિ ઊભી થવાની શક્યતા

# હિમાલય વિસ્તારના લગભગ ૯૦ ટકા ભાગમાં એક વર્ષ સુધી દુષ્કાળ રહેશે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

એક નવા સંશોધનમાં હિમાલયમાં દુષ્કાળને લઈને અમુક તથ્ય સામે આવ્યા છે. સંશોધન અનુસાર જો ગ્લોબલ વોર્મિંગ ૩ ડિગ્રી સેલ્સિયસ વધી જાય છે તો હિમાલય વિસ્તારના લગભગ ૯૦ ટકા ભાગમાં એક વર્ષ સુધી દુષ્કાળ રહેશે. અભ્યાસ અનુસાર ગ્લોબલ વોર્મિંગને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાના પેરિસ કરારના તાપમાન લક્ષ્યોનું પાલન કરીને ભારતમાં ગરમીના તણાવના વધતા માનવ જોખમથી ૮૦ ટકા સુધી બચાવી શકાય છે જ્યારે તાપમાનમાં ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થાય છે. યુકેમાં પૂર્વ એંગ્લિયા યુનિવર્સિટી (યુઈએ)ના સંશોધનકર્તાના નેતૃત્વ વાળી ટીમે એ નક્કી કર્યુ કે ગ્લોબલ વોર્મિંગનું સ્તર વધવાની સાથે જ રાષ્ટ્રીય સ્તરે માનવ અને કુદરતી સિસ્ટમો માટે ક્લાઈમેટ ચેન્જનું જોખમ કેવી રીતે વધી જાય છે. ભારત, બ્રાઝિલ, ચીન, ઈજિપ્ત, ઈથોપિયા અને ઘાના પર કેન્દ્રિત આઠ અભ્યાસના સંગ્રહથી જાણ થાય છે કે ગ્લોબલ વોર્મિંગની દરેક ડિગ્રી માટે દુષ્કાળ, પૂર, પાકની પેદાશમાં ઘટાડો અને જૈવ વિવિધતા તેમજ કુદરતી મૂડીના નુકસાનમાં ખૂબ વધારો થાય છે. જેમાં ભારતમાં ૩-૪ ડિગ્રી ગ્લોબલ વોર્મિંગ પર પરાગનયન અડધા કરતા ઓછુ થઈ જાય છે જ્યારે ૧.૫ ડિગ્રી પર એક ક્વાર્ટરનો ઘટાડો થઈ જાય છે. સંશોધનકર્તાઓએ કહ્યુ કે વોર્મિંગને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી સીમિત કરવાથી અડધા દેશને જૈવ વિવિધતા માટે આશ્રય તરીકે કાર્ય કરવાની અનુમતિ મળે છે, જ્યારે ૩ ડિગ્રી પર આ ૬ ટકા છે. ટીમે જાણ્યુ કે ૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની સાથે કૃષિ ભૂમિના દુષ્કાળની ચપેટમાં આવવાની



શક્યતામાં ખૂબ મોટો વધારો થયો છે. અભ્યાસમાં કરવામાં આવેલા પ્રત્યેક દેશમાં ૫૦ ટકાથી વધુ કૃષિ ભૂમિ ૩૦ વર્ષના સમયગાળામાં એક વર્ષથી વધુ સમય સુધી ગંભીર દુષ્કાળના સંપર્કમાં રહેવાનું અનુમાન છે. જોકે, ગ્લોબલ વોર્મિંગને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાથી ખેતીની જમીન પર દુષ્કાળનું જોખમ ૨૧ ટકા (ભારત) અને ૬૧ ટકા (ઈથોપિયા)ની વચ્ચે ઓછુ થઈ જશે અને સાથે જ નદીથી આવતા પૂરના કારણે થનારા આર્થિક નુકસાનમાં પણ ઘટાડો આવશે. આવુ ત્યારે થાય છે જ્યારે નદીઓ અને ઝરણા પોતાના કિનારા તોડી દે છે અને પાણી નજીકના નીચલા વિસ્તારોમાં વહી જાય છે. સંશોધનકર્તાઓએ કહ્યુ, ગંભીર દુષ્કાળના સંપર્કમાં આવવાથી માનવ જોખમમાં વધારો છ દેશોમાં ૩ ડિગ્રી સેલ્સિયસની તુલનામાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસ પર ૨૦-૮૦ ટકા ઓછો છે. તેમણે કહ્યુ કે સમુદ્રના સ્તરમાં વધારા સાથે જોડાયેલા આર્થિક નુકસાન કિનારાના દેશોમાં વધવાનું અનુમાન છે પરંતુ જો તાપમાન વધારો ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત રહ્યુ તો આ વધુ ધીમે-ધીમે વધશે. સંશોધનકર્તાઓએ ચેતવણી આપી છે ગ્લોબલ વોર્મિંગને ઘટાડવા માટે વધુ પ્રયત્નની જરૂર છે કેમ કે વર્તમાનમાં વૈશ્વિક સ્તર પર જે નીતિઓ ચાલી રહી છે, તેના પરિણામસ્વરૂપ ગ્લોબલ વોર્મિંગમાં ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. એક પેપરે ગ્લોબલ વોર્મિંગમાં વધારાના કારણે છોડ અને કરોડરજ્જુ માટે જોખમની શોધ કરી અને બીજાએ છ દેશોમાંથી દરેક માટે એક નવી કુદરતી પૂંજી જોખમ રજિસ્ટર વિકસિત કર્યા જેમાં ભવિષ્યમાં માનવ જનસંખ્યા પરિવર્તનોથી ઉત્પન્ન જોખમમાં અનુમાનિત પરિવર્તન પણ સામેલ હતા. આ સંયોજનથી જાણ થાય છે કે છ દેશોમાં ઘણા વિસ્તાર પહેલેથી જ ૧.૫ ડિગ્રી સેલ્સિયસ પર ઉચ્ચ કુદરતી પૂંજી જોખમમાં છે જ્યારે વધતી માનવ વસતીના પ્રભાવોને ધ્યાનમાં રાખવામાં આવે છે. નિષ્કર્ષોથી એ પણ જાણ થાય છે કે જળવાયુના અનુકૂળ જૈવ વિવિધતા સંરક્ષણ પ્રદાન કરવા માટે સંરક્ષિત ક્ષેત્ર નેટવર્કનો વિસ્તાર જરૂરી છે.

## ન્યૂઝ બ્રિફ

### બિલ ગેટ્સ ડોલી ચાયવાલાની ચાની મજા લેતા જોવા મળ્યા



| (એજન્સી) નાગપુર, તા.૨૯ |

માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સ જ્યારે પણ ભારત આવે છે ત્યારે તેઓ હંમેશા કોઈને કોઈ વીડિયો અને ફોટો શેર કરે છે જે ચર્ચાનો વિષય બની જાય છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓમાંના એક બિલ ગેટ્સ હંમેશની જેમ ભારતને એક્સપ્લોર કરતા જોવા મળ્યા હતા. આ વખતે તે સોશિયલ મીડિયા પર પ્રખ્યાત ડોલી ચાયવાલા પાસે ચા પીવા પહોંચ્યા હતા. વીડિયોમાં બિલ ગેટ્સ ડોલી ચાયવાલા સાથે વાત કરતા ચાની મજા લેતા જોવા મળ્યા હતા. આ વિડીયો સામે આવ્યા બાદ લોકોને પોતાની આંખો પર વિશ્વાસ જ ન આવ્યો. સોશિયલ મીડિયા પર મીમ્સનું પૂર આવ્યું હતું. લોકો વિવિધ પ્રકારના મીમ્સ શેર કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે ૨૦૨૪માં બીજું શું જોવા મળશે તે કહી શકાય નહીં. ડોલી ચાયવાલા વિશે વાત કરીએ તો તે નાગપુરમાં ચા વેચે છે. લોકોને તેની ચા બનાવવાની રીત પસંદ છે. ફૂડ વ્લોગર્સ તેના વીડિયો બનાવવા માટે દૂર દૂરથી આવે છે. આ સિવાય ડોલી તેની હેરસ્ટાઈલ અને કપડા પહેરવાની રીતને કારણે પણ ઘણો ફેમસ છે. બિલ ગેટ્સે વીડિયોને શેર કરતા કેપ્શનમાં લખ્યું, 'ભારતમાં તમે દરેક જગ્યાએ નવીનતા જોઈ શકો છો. ચાના સાદા કપની બનાવટમાં પણ!' વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે ડોલી ચા બનાવવા માટે દૂધમાં ચાની પત્તી, આદુ અને એલચી ઉમેરે છે.

### કમાન્ડર પૂર્ણેન્દુ તિવારીની કતારથી ઘરવાપસી બાકી

| (એજન્સી) દોહા, તા.૨૯ |

જાસૂસીના આરોપમાં કતારની જેલમાં બંધ ભારતીય નૌસેનાના આઠ અધિકારીઓની મુક્તિ બે સપ્તાહ પહેલા થઈ ચુકી છે. આ પૈકીના સાત અધિકારીઓ ભારત પરત પણ આવી ગયા છે. જોકે હજી આઠમા અધિકારી કમાન્ડર પૂર્ણેન્દુ તિવારીની ઘરવાપસી હજી બાકી છે. કમાન્ડર તિવારી સામેનો એક મામલો હજી પેન્ડિંગ છે અને તેના પર નિર્ણય આવે તેની રાહ જોવાઈ રહી છે. જેના કારણે તેમને કતાર છોડવાની પરવાનગી હજી મળી નથી. જોકે કતાર સરકારે મુક્તિની કરેલી જાહેરાત બાદ તેમને કતારમાં પોતાના ઘરે જવાની પરવાનગી આપી દેવાઈ છે. ભારતના અંગ્રેજી અખબારે દાવો કર્યો છે કે, એક મામલાનો ઉકેલ આવી જાય તે પછી તેઓ વર્તમાન સપ્તાહમાં કે આગામી સપ્તાહમાં ભારત પાછા ફરી શકે છે. આમ છતા તેની અગાઉથી કોઈ જાહેરાત કરવામાં નહીં આવે. ઉલ્લેખનીય છે કે, ભારતના આઠ અધિકારીઓને ઈઝરાયેલ વતી જાસૂસી કરવાના આરોપમાં કતારની કોર્ટે મોતની સજા ફટકારી હતી અને તેના કારણે ભારતમાં ખળભળાટ વ્યાપી ગયો હતો. જોકે ભારત સરકારના હસ્તક્ષેપ બાદ આ તમામ અધિકારીઓને મુકત કરાયા હતા. ભારત સરકારે આ માટે કતારના અમીરનો આભાર પણ માન્યો હતો.



કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે નવી દિલ્હીમાં ઉત્તર-પૂર્વના લેન્ડ કસ્ટમ સ્ટેશનો પર વર્ચ્યુઅલ રીતે ઈલેક્ટ્રોનિક ડેટા ઈન્ટરચેન્જ લોન્ચ કર્યું.

### ન્યુઝીલેન્ડના ફાસ્ટ બોલરનો ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ

# નીલ વેગનરને સબસ્ટિટ્યુટ તરીકે બોલાવી વિદાય અપાઈ

### સાઉથ આફ્રિકામાં જન્મેલા વેગનરની ન્યૂઝીલેન્ડ માટે ૬૪ ટેસ્ટ મેચ રમી જેમાં તેની ૩૭ની એવરેજથી ૨૬૦ વિકેટ

| (એજન્સી) વેલિંગ્ટન, તા.૨૯ |

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચ રમાઈ રહી છે. વેલિંગ્ટનમાં મેચ શરૂ થાય તે પહેલા રાષ્ટ્રગીતના સમયે મેદાનમાં ટીમના ૧૧ નહીં પરંતુ ૧૨ ખેલાડીઓ હાજર હતા. ન્યુઝીલેન્ડ ટીમમાં એવા ખેલાડીનો સમાવેશ કરવામાં આવ્યો હતો જે પ્લેઈંગ-૧૧નો ભાગ પણ ન હતો. ન્યુઝીલેન્ડે નીલ વેગનરની નિવૃત્તિને લઈને આ ખાસ પગલું ભર્યું છે. ન્યુઝીલેન્ડના ફાસ્ટ બોલર નીલ વેગનરે ૩૭ વર્ષની ઉંમરે ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ લઈ લીધો છે. તેને ન્યુઝીલેન્ડ ટીમમાં સામેલ કરવાની સંભાવના ન હતી. નિવૃત્તિ પછી કિવી ટીમે તેના સ્ટાર ફાસ્ટ બોલરને વિદાય આપવાનો નિર્ણય કર્યો. જ્યારે રાષ્ટ્રગીત માટે કિવી ટીમ મેદાન પર આવી ત્યારે તેણે વેગનેરને પણ સામેલ કર્યો. તે ટીમનો ભાગ ન હોવા છતાં ન્યુઝીલેન્ડની ટીમમાં સામેલ હતો. આટલું જ નહીં વેગનરને સબસ્ટિટ્યુટ ફિલ્ડર તરીકે પણ મેદાનમાં ઉતારવામાં આવ્યો હતો.

### ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ભારત ૩-૧થી આગળ છે

# પ્રથમ મેચ હાર્યા બાદ ૪-૧થી શ્રેણી વિજયની સિદ્ધિની ભારતને તક

### ધરમશાલામાં રમાનાર છેલ્લી ટેસ્ટ જીતે છે તો તે ૧૧૨ વર્ષ બાદ પાંચ મેચની ટેસ્ટ સીરિઝમાં મોટી સિદ્ધિ હશે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

ભારતે અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝમાં અત્યાર સુધી ચાર મેચ રમાઈ ચૂકી છે, જેમાંથી ભારતે ત્રણ મેચ જીતી છે અને સીરિઝમાં ૩-૧થી આગળ છે. હવે છેલ્લી મેચ ધર્મશાલામાં રમાશે. કેપ્ટન રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કર્યું, ખાસ કરીને યુવા ખેલાડીઓએ સારું પ્રદર્શન કર્યું છે. ટીમના યુવા ઓપનર યશસ્વી જયસ્વાલે બે બેવડી સદી ફટકારી હતી, જ્યારે શુભમન ગિલે શાનદાર બેટિંગ કરી હતી અને ધ્રુવ જુરેલ સાથે મળીને ભારતીય ટીમને ચોથી ટેસ્ટ મેચમાં જીત અપાવી હતી. ટેસ્ટ સીરિઝ કબજે કર્યા બાદ હવે ભારતીય ટીમની નજર ઈંગ્લેન્ડ સામેની છેલ્લી ટેસ્ટ મેચ જીતવા પર છે. આ સાથે ભારતીય ટીમ પાસે ૧૧૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડવાની તક છે. જો ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ધરમશાલામાં રમાનાર છેલ્લી ટેસ્ટ જીતે છે.

### સાતમી માર્ચથી ધર્મશાલામાં ઈંગ્લેન્ડ સામે પાંચમી ટેસ્ટ

# છેલ્લી ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયામાં રાહુલ અને બુમરાહની વાપસી

### વોશિંગ્ટન સુંદરને તમિલનાડુ માટે રણજી ટ્રોફીની સેમિફાઇનલ રમવા માટે રિલીઝ કરવામાં આવ્યો



| (એજન્સી) ધર્મશાલા, તા.૨૯ |

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ સીરિઝની છેલ્લી મેચ ૭ માર્ચથી ધર્મશાલામાં રમાશે. પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. ધર્મશાલામાં રમાનાર પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઈજાના કારણે પ્રથમ ટેસ્ટ બાદ ન રમનાર કે.એલ રાહુલ છેલ્લી ટેસ્ટમાં પણ રમી શકશે નહીં. વર્કલોડ મેનેજમેન્ટના કારણે રાંચી ટેસ્ટમાં ન રમનાર જસપ્રીત બુમરાહની ટીમમાં વાપસી થઈ છે. વોશિંગ્ટન સુંદરને તમિલનાડુ માટે રણજી ટ્રોફીની સેમિફાઈનલ રમવા માટે રિલીઝ કરવામાં આવ્યો છે, જ્યારે દેવદત્ત પડિક્કાલની ટીમમાં એન્ટ્રી થઈ છે. વોશિંગ્ટન સુંદરને ટીમમાંથી રિલીઝ કરવામાં આવ્યો છે. તે તેની રણજી ટ્રોફી ટીમ તમિલનાડુનો ભાગ હશે જે ૨ માર્ચથી શરૂ થનારી મુંબઈ સામેની રણજી ટ્રોફી સેમિફાઈનલ રમશે. જો જરૂર પડશે તો તે ડોમેસ્ટિક મેચો પૂર્ણ થયા બાદ પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમ સાથે જોડાશે. બીસીસીઆઈએ કહ્યું છે કે, "મોહમ્મદ શમીની જમણી એડીની સર્જરી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સફળતાપૂર્વક કરવામાં આવી હતી. તે સ્વસ્થ થઈ રહ્યો છે અને ટૂંક સમયમાં રિહેબ માટે બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમી જશે. પાંચમી ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમ, રોહિત શર્મા (સુકાની), જસપ્રીત બુમરાહ (વા.કે), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, રજત પાટીદાર, સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ (વિકી), કે.એસ ભરત (વિકી), દેવદત્તપડિક્કલ, રવિચંદ્રનઅશ્વિન, અક્ષર પટેલ, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, મુકેશ કુમાર, આકાશદીપ.

# સાયકલિંગ કરતા ઈન્ટેલ ઈન્ડિયાના પૂર્વ કન્ટ્રી હેડનું કેબની ટક્કરે મોત

| (એજન્સી) મુંબઈ, તા.૨૯ |

મહારાષ્ટ્રથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. નવી મુંબઈમાં સાયકલિંગ કરતી વખતે ઈન્ટેલ ઈન્ડિયાના પૂર્વ કન્ટ્રી હેડ અવતાર સૈનીને તેજ રફતાર કેબે ટક્કર મારી દીધી હતી. આ અકસ્માત બાદ સૈનીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટર્સે તેમને મૃત જાહેર કર્યા છે. તેઓ બુધવારે સવારે લગભગ ૫:૫૦ વાગ્યે પેતાના મિત્રો સાથે સાયકલિંગ કરી રહ્યા હતા. તેઓ ઘણી વખત પોતાના મિત્રો સાથે શોખ માટે સાયકલિંગ કરવા માટે નીકળતા હતા. આ દરમિયાન નેરુલમાં પામ બીચ રોડ પર એક કેબ દ્વારા તેમને ટક્કર મારી દેવામાં આવી હતી જેના કારણે તેમનું મોત થઈ ગયુ છે. તેઓ ચેમ્બૂરના રહેવાસી હતા. આ અકસ્માત અંગે એક અધિકારીએ જણાવ્યું કે, આ અકસ્માત બુધવારે સવારે લગભગ ૫:૫૦ વાગ્યે સર્જાયો હતો. આ અકસ્માત ત્યારે સર્જાયો જ્યારે સૈની નેરુલ વિસ્તારમાં પામ બીચ રોડ પર મિત્રો સાથે સાયકલિંગ કરી રહ્યા હતા. અધિકારીએ જણાવ્યું કે, તેજ રફતાર કેબે સૈનીની સાયકલને પાછળથી ટક્કર મારી દીધી હતી. ટક્કર માર્યા બાદ કેબ ડ્રાઈવર ત્યાંથી ભાગી ગયો હતો. અધિકારીએ જણાવ્યું કે, આ અકસ્માતમાં સૈની ઘાયલ થઈ ગયા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટર્સે તેમને મૃત જાહેર કર્યા હતા. સૈની 'ઈન્ટેલ ૩૮૬' અને '૪૮૬ માઈક્રોસોફર'ની કાર્યપ્રણાલી પર કામ કરવા માટે જાણીતા છે.

# આત્યંતિક હવામાનની ઘટનાઓમાં વર્ષમાં 3, ૨૮૭ લોકોનાં મોત થયા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ |

જળવાયું પરિવર્તનની વિપરિત અસર વૈશ્વિક સ્તરે જ નહીં પરંતુ સ્થાનિક સ્તરે પણ દેખાવા લાગી છે, જેના પગલે વિશ્વમાં આત્યંતિક આત્યંતિક હવામાન ઘટનાઓ પણ સતત વધી રહી છે. ભારતની વાત કરવામાં આવે તો ગત વર્ષ એટલે કે ૨૦૨૩માં દેશના તમામ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછી એક દિવસમાં આવી ઘટના બની રહી છે. અહીં તમારે એ જાણવું જરુરી છે કે આત્યંતિક હવામાન ઘટનાઓમાં ભારે વરસાદ, પૂર આવવું, વાદળ ફાટવું, વીજળી પડવી, લૂ તેમજ તેમજ ખૂબ જ ઠંડીનો સમાવેશ થાય છે.

બુધવારે સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ (સીએસઈ) દ્વારા સ્ટેટ ઓફ ઈન્ડિયાના એન્વાયર્નમેન્ટના જાહેર કરાયેલ રિપોર્ટ ૨૦૨૪ના અનુસાર, વર્ષ ૨૦૨૨માં ૩૬૫માંથી ૩૧૬ દિવસોમાં આત્યંતિક હવામાનની ઘટનાઓ બની હતી, જ્યારે ૨૦૨૩માં તેમની સંખ્યા વધીને ૩૧૮ પર પહોંચી



ગઈ હતી. અલવર (નીમલી) સ્થિત અનિલ અગ્રવાલ પર્યાવરણ પ્રશિક્ષણ સંસ્થામાં સંયુક્ત રાષ્ટ્રના ભૂતપૂર્વ અંડર સેક્રેટરી જનરલ નીતિન દેસાઈ, વરિષ્ઠ પત્રકાર ટીએન નિનાન અને સીએસઈના ડાયરેક્ટર જનરલ સુનીતા નારાયણ દ્વારા આ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આત્યંતિક હવામાનની ઘટનાઓને કારણે ૩,૨૮૭ લોકોના, ૧.૨૪ લાખ પ્રાણીઓના મોત થયા હતા, જ્યારે ૮૬,૪૩૨ ઘરોને અને ૨.૨૧ મિલિયન હેક્ટર પાક વિસ્તારને ખૂબ જ નુકસાન થયું હતું. આવા દિવસોની સૌથી વધુ સંખ્યા હિમાચલ પ્રદેશમાં ૧૪૯ નોંધાઈ હતી. ત્યારબાદ મધ્યપ્રદેશમાં ૧૪૧ દિવસ અને કેરળ અને ઉત્તર પ્રદેશમાં ૧૧૯ દિવસ નોંધાયા છે.

આ ઉપરાંત અન્ય આઠ રાજ્યોએ ૧૦૦ કરતા પણ વધુ દિવસો સુધી આત્યંતિક હવામાનની ઘટનાઓનો સામનો કરવો પડ્યો હતો. જૂનથી સપ્ટેમ્બર વચ્ચે સતત ૧૨૩ દિવસ સુધી આવી ઘટનાઓ નોંધાઈ હતી. આ સિવાય જો મૃત્યુની બાબત પર નજર કરવામાં આવે તો બિહાર સૌથી વધુ પ્રભાવિત થયું છે. અહીં આવી ઘટનાઓમાં ૬૪૨ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે હરિયાણામાં સૌથી વધુ અસરગ્રસ્ત પાક વિસ્તાર થયો હતો.અને ગુજરાતમાં સૌથી વધુ ઘરોને નુકસાન પ હોંચ્યું છે. આ ઉપરાંત પંજાબમાં સૌથી વધુ પ્રાણીઓના મૃત્યુ થયા છે. અહીં એ પણ નોંધનીય છે કે ભારતમાં ૨૦૨૩માં ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૧૨૨ વર્ષમાં સૌથી ગરમ મહિનાઓ રહ્યા હતા.

### ભારત મેલ્ટી-રોલ ફાઈટર એકક્રાફ્ટ પર ફોકસ કરી રહ્યું છે

# અમેરિકાની બોઈંગની નવું એફ-૧૫ ઈએક્સ ફાઈટર જેટ ખરીદવા માટે ભારતને ઓફર

### ઓછી કિંમતમાં વધુ શક્તિશાળી ફાઈટર જેટ મળશે, ભારતીય વાયુસેના તેમાં પોતાના હથિયારો લગાવી શકે

| નવી દિલ્હી, તા.૨૯ |

ભારત હાલમાં મેલ્ટી-રોલ ફાઈટર એકક્રાફ્ટ પર ફોકસ કરી રહ્યું છે. રાફેલ અને યુરોફાઈટર ટાયફૂન પહેલાથી જ સ્પર્ધામાં છે. આ દરમિયાન અમેરિકન કંપની બોઈંગે ભારતને પોતાની ઓફર આપી છે. બોઈંગે કહ્યું કે, અમારી પાસેથી નવું એફ-૧૫ઈએક્સ ફાઈટર જેટ ખરીદી લો. ઓછી કિંમતમાં વધુ શક્તિશાળી ફાઈટર જેટ મળશે. આ સાથે જ ભારતીય વાયુસેના તેમાં પોતાના હથિયારો લગાવી શકે છે. બોઈંગે એમ પણ કહ્યું કે, ફાઈટર જેટમાં ભારતની ભૌગોલિક પરિસ્થિતિઓ અને જરૂરિયાતો પ્રમાણે ફેરફાર પણ કરી શકાશે. અમે ભારતની જરૂરિયાત પ્રમાણે ફાઈટર જેટમાં ફેરફાર કરી દઈશું. આ ફેરફાર એવિયોનિક્સ, સેંસર્સ અથવા કમ્યુનિકેશન સિસ્ટમમાં કરી શકાય છે. આ સાથે જ હથિયાર લગાવનારા હાર્ડપોઈન્ટ્સમાં પણ ભારતીય હથિયારો પ્રમાણે ફેરફાર કરી શકાશે અથવા તો નવું કરી



શકાશે. આ ઓફર ભારત સરકાર માટે ખૂબ જ આકર્ષક છે. તાજેતરમાં જ બોઈંગ કંપનીએ પોતાના ફાઈટર જેટની સ્પીડ વધારી છે. અગાઉ તે મહત્તમ ૩૦૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે જ ઉડાન ભરી શકતું હતું. પરંતુ હવે તેની ઝડપ વધીને ૩૭૦૪ કિમી પ્રતિ કલાક થઈ ગઈ છે. આ જેટને એક અથવા બે પાયલોટ સાથે મળીને ઉડાવે છે. તે કદમાં ખૂબ જ મોટું છે. ૬૩.૯ ફૂટ લાંબા જેટની વિંગસ્પેન ૪૨.૯ ફૂટ છે. ૧૮.૬ ફૂટ ઊંચા આ એરક્રાફ્ટનું ખાલી વજન લગભગ ૧૫,૬૯૪ કિલો છે. મહત્તમ ટેકઓફ વજન એટલે કે હથિયારોથી સજ્જ થઈને ટેકઓફ કરતી વખતે તેનો વજન લગભગ ૩૬,૭૪૧ કિગ્રા હોય છે. તેમાં બે જનરલ ઈલેક્ટ્રિક એન્જિન લાગેલા છે.

## તંત્રી લેખ...

# કાશ્મીર મુદ્દે ભારતે પાકિસ્તાનની સાથે તુર્કીની પણ ટીકા કરી

ભારતે કાશ્મીર મુદ્દે યુએનમાં પાકિસ્તાનની સાથે સાથે તુર્કીને પણ આકરી ઝાટકણી કાઢી છે. સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૫૫માં સત્રમાં ભારતે તુર્કીને ઠપકો આપ્યો હતો અને કહ્યું હતું કે કાશ્મીર મુદ્દે અન્ય કોઈ દેશની દખલગીરી સહન કરવામાં આવશે નહીં. આ ભારતનો આંતરિક મામલો છે. તુર્કીએ કરેલી ટિપ્પણી બદલ અમને ખેદ છે. ભારતના ફર્સ્ટ સેક્રેટરી અનુપમા સિંહે તુર્કીના નિવેદન પર વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે આ ભારતનો આંતરિક મામલો છે અને અન્ય કોઈ દેશે તેમાં દખલ ન કરવી જોઈએ. અનુપમા સિંહે કહ્યું કે મને પૂરી આશા છે કે તુર્કી ભવિષ્યમાં અમારી આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ નહીં કરે અને કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવાથી બચશે. સિંહે કહ્યું કે ફરી એકવાર ભારત પર આરોપ લગાવીને આ પ્લેટફોર્મનો દુરુપયોગ કરવામાં આવ્યો. જમ્મુ-કાશ્મીર અને લદાખ ભારતનું અભિન્ન અંગ છે. જમ્મુ-કાશ્મીરમાં સામાજિક વિકાસની સાથે આર્થિક વિકાસ પણ થઈ રહ્યો છે. આ સિવાય કેન્દ્રશાસિત પ્રદેશમાં સુશાસન સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર દ્વારા બંધારણીય પગલાં લેવામાં આવ્યા છે. આ ભારતની આંતરિક બાબતો છે. તમને જણાવી દઈએ કે તુર્કીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કહ્યું હતું કે દક્ષિણ એશિયામાં શાંતિ, સ્થિરતા અને વિકાસ માટે કાશ્મીરમાં ન્યાય સાથે શાંતિ સ્થાપિત કરવી ખૂબ જ જરૂરી છે. દ્રઊઁઈઝમાં તુર્કીના આ નિવેદન પર ભારતે પ્રહાર કર્યો છે. ભારતે પાકિસ્તાનની ટીકા કરતા કહ્યું કે જે દેશ પોતાના જ દેશના લઘુમતીઓ સાથે ક્રૂર વર્તન કરે છે તે ભારત પર શું આરોપ લગાવશે? સંયુક્ત રાષ્ટ્રના મંચ પર પાકિસ્તાન પર પ્રહાર કરતા ભારતે કહ્યું કે જે દેશ આતંકવાદીઓને આશ્રય આપે છે અને જેનો માનવાધિકાર રેકોર્ડ ખરેખર ખૂબ જ નબળો છે, તેની ભારત વિરુદ્ધની ટિપ્પણીઓ માત્ર માર્મિક જ નહીં પરંતુ વિકૃત પણ છે. ભારતે વધુમાં કહ્યું કે અમે એવા દેશ પર વધુ ધ્યાન આપતા નથી જે પોતે આર્થિક સંકટનો શિકાર છે. ભારતે કહ્યું કે જે દેશ ખાદ્યપદાર્થોની અછતનો સામનો કરી રહ્યો છે અને જેની બેલેન્સ શીટ ખરાબ છે તેના પર આપણે વધુ ધ્યાન આપી શકતા નથી.

# નડિયાદમાં એલીમ્કો શરૂ થયાના માત્ર ચાર જ માસમાં ૭૫૦ કૃત્રિમ અંગોનું વિતરણ

**ખેડામાં એડીપ યોજના અતંર્ગત એલિમકો દ્વારા ખેડા જિલ્લામાં અંદાજિત રૂ. ૧ કરોડની રકમના વિવિધ દિવ્યાંગતા માટેના સાધનોનું વિતરણ**

। (માહિતી) નડિયાદ ।


દિવ્યાંગોને વિનામૂલ્યે કૃત્રિમ અંગો આપતા કેન્દ્ર સરકારના ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમની નડિયાદ ખાતે શાખા શરૂ થયાને હજું તો માત્ર ચાર જ માસ થયા છે ત્યાં જ ૭૫૦ દિવ્યાંગોને અંદાજિત રૂ. એક કરોડના વિવિધ અંગો પ્રદાન કરવામાં આવ્યા છે. એલીમ્કો દ્વારા લાભાર્થીના અંગોનું માપ, લંબાઇ, ગોળાઇ લઈ બનાવવાની પ્રક્રીયા ધ્યાને લેવામાં આવે તો એક દિવસમાં ૬ જેટલા લાભાર્થીઓને કૃત્રિમ અંગો આપવાની સુંદર કામગીરી કરવામાં આવી છે.

પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સ્ટીફન હોકીંગ્સ લખે છે કે ‘‘દેખીતી રીતે, મારી વિકલાંગતાને કારણે, મને સહાયની જરૂર છે. પરંતુ મેં હંમેશા મારી સ્થિતિની મર્યાદાઓને દૂર કરવાનો અને શક્ય તેટલું સંપૂર્ણ જીવન જીવવાનો પ્રયાસ કર્યો છે. મેં એન્ટાર્કટિકથી શૂન્ય ગુરુત્વાકર્ષણ સુધી વિશ્વનો પ્રવાસ કર્યો છે.’’આમ, દિવ્યાંગો સમાજના અગત્યના માણસો છે. દિવ્યાંગો સમાજને બોજારૂપ નથી પણ જો તેમને યોગ્ય માર્ગદર્શન અને સહકાર આપવામાં આવે તો સમાજના તમામ આયામો પર સકારાત્મક કામગીરી કરી શકે છે.

ગરીબો, વંચિતો અને આર્થિક સામાજિક રીતે હાંસિયામાં રહેલા લોકોના ઉત્કર્ષ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓના સફળ અમલીકરણ દ્વારા સશક્તિકરણની કામગીરી કરવામાં આવી રહી છે. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળ દિવ્યાંગજનો માટે વરદાનરૂપ એડીપ (ADIP) યોજના અંતર્ગત દિવ્યાંગજનોને નિશુલ્ક સાધન સહાય આપી સમાજમાં ગૌરવપૂર્ણ અને આત્મસન્માનથી જીવન જીવવા માટે સશક્ત બનાવવામાં આવે છે. નડિયાદના મિશનરોડ પર રહેતા પ્રકાશ બાબુભાઈ પરમારનો વર્ષ ૨૦૧૦માં અકસ્માત થયો હતો અને તેમણે પોતાનો પગ ગુમાવવાની આફત આવી હતી. પ્રકાશભાઈને ભારત સરકારની એડીપ યોજના હેઠળ નિશુલ્ક પ્રોસ્થેટિક પગ લગાવી આપવામાં આવ્યો છે. પ્રકાશભાઈ આજે સામાન્ય વ્યક્તિની જેમ જ આરામથી ચાલી શકે છે અને પોતાના કામકાજ સહજતાથી કરી શકે છે. ખેડા જિલ્લામાં એડીપ યોજના અંતર્ગત નવેમ્બર ૨૦૨૩ થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં આસરા કેન્દ્ર ખાતે કુલ ૩૧૦ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા છે અને અંદાજિત રૂ. ૧ કરોડની રકમના ૭૫૦ જેટલા વિવિધ વિકલાંગતા માટેના સાધનોનું વિતરણ કરવામાં આવ્યુ છે. દિવ્યાંગો કૃત્રિમ અંગ નિર્માણ સાથે છેલ્લા ૧૮ વર્ષોથી નડિયાદમાં કાર્યરત ડો. ચંદ્રગોપાલે જણાવ્યું કે, નડિયાદ સ્થિત ‘‘માં ગાયત્રી ઓર્થો કેયર’’ આસરા કેન્દ્રમાં ભારત સરકાર અને એલીમ્કો (આર્ટીફીશીયલ લીમ્બ્સ મેન્યુફેક્ચરીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા)ના પ્રયત્નોથી ‘‘નો પ્રોફીટ, નો લોસના’’ સુત્ર સાથે એડીપ યોજના અને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અતંર્ગત દિવ્યાંગજનોના રજીસ્ટ્રેશન, દિવ્યાંગતા અસેસમેન્ટ, અંગ મેઝરમેન્ટ, ફેબ્રીકેશન, ફીટમેન્ટ અને ગેટ ટ્રેનીંગ સહિતની શારીરિક પુનવર્સનની તમામ કામગીરી કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ખેડા જિલ્લામાં અત્યારે અંદાજિત ૨૦ થી ૨૨ હજાર જેટલા દિવ્યાંગોની વસ્તી છે ત્યારે દિવ્યાંગજનો અને વરિષ્ઠજનોને નિશુલ્ક કૃત્રિમ અંગ અને સાધન સહાય આપવા માટે નડિયાદ મુકામે શરૂ થયેલ ભારતીય કુત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO) ની અધિકૃત વેચાણ અને રીપેર એજન્સી- આસરા કેન્દ્રથી જિલ્લાનાં દિવ્યાંગજનોને મોટો લાભ થશે. હાલમાં આસરા કેન્દ્ર દ્વારા કૃત્રિમ હાથ, પગ, બગલ ઘોડી, વોકર, વોકિંગ સ્ટીક, ટ્રાઈસાઈકલ, વ્હીલ ચેર, કાનનું મશીન, ચશ્મા, કૃત્રિમ દાંત સહિતના દિવ્યાંગતા સહાયક ઉપકરણો આપવામાં આવે છે. આ સાધન સહાય ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજનો માટે એડીપ (ADIP) અને સિનિયર સિટીજન માટે રાષ્ટ્રીય વયોશ્રી યોજના (RVY) હેઠળ ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO) દ્વારા તદન મફત મળે છે.

**આપણને સંતોષ થાય તેવું ચિત્ર ન બને, તો બહુ સ્વાભાવિક રીતે જ આપણે તેને ભૂંસી ફરી નવું ચિત્ર બનાવતાં હોઈએ છીએ**

# નવયુગનાં નિર્માણ માટે સાથી હાથ બઢાના.. એ ગીતનાં હૃદયસ્થ ભાવને અનુસરી એ...!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**૧૯૫૭માં બનેલી નયા દોર નામની આ ફિલ્મમાં દિલીપકુમાર અને વૈજન્તીમાલા એ અભિનય કર્યો છે અને ફિલ્મનું આ ગીત આશા ભોંસલે અને મોહમ્મદ રફી એ ગાયું છે તેમજ સાહિર લુધિયાનવી એ લખ્યું છે, સંગીત દીધું છે ઓમકાર પ્રસાદ નાયરે**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણે કાગળ પર કે પાટી પેન પર જ્યારે કંઈક દોરતા હોઈએ અને આપણને સંતોષ થાય તેવું ચિત્ર ન બને, તો બહુ સ્વાભાવિક રીતે જ આપણે તેને ભૂંસી ફરી નવું ચિત્ર બનાવતાં હોઈએ છીએ. બસ આ જ રીતે સમાજનું ચિત્ર જે આપણાં સૌની બેદરકારીને કારણે બગડી ગયું છે, તો બહુ સ્વાભાવિક રીતે જ આ ચિત્ર ફરીથી સરસ રીતે દોરવું હોય તો, આપણે સૌએ તેને ભૂંસી અને નવેસરથી પ્રયત્ન કરવો પડશે. આપણા થકી સમાજમાં જે કુરિવાજો, પરંપરાઓ, અને રુઢીના દૂષણો પ્રવેશ્યા છે, એ દૂર કરવા પડશે. અંધ શ્રદ્ધાની વાત પર મનમાં જ્યાં અંધારું છવાય, એ તમામ છોડવું પડશે, સૌને સ્વીકારતા શીખવું પડશે, સમાજના નાનામા નાના વર્ગને પણ માન આપવું પડશે, અને સમાજનો દરેક વર્ગ આર્થિક રીતે સમાજ સાધન બને, એ માટે પોતાની જરૂરિયાતો પર કાપ મૂકવા પડશે, અને એ રૂપિયા પૈસાથી અન્યને મદદ કરી સમાજમાં સમાનતા ઉભી કરવી પડશે. પહેલી નજરે થોડુંક મુશ્કેલ લાગે, અને એનાથી પણ વધુ, દરેક માણસ એમ વિચારે કે મારા એકના સુધરવાથી કંઈ નહીં થાય, આખા સમાજે સુધરવું પડશે!! વાત તો એકદમ સાચી છે. પરંતુ શરૂઆત હું મારાથી કરું, એવું વિચારીને દરેકે પહેલ કરવી પડશે, તો જ કંઈક પરિણામ મળશે. યુગનિર્માણનું કામ કોઈ એક બે વ્યક્તિથી એટલું આસાનીથી થતું નથી, પરંતુ જો દરેકે દરેક જણ આવું થવું જ જોઈએ એવું માને અને પોતાની જવાબદારી કે કર્તવ્ય કર્મ સ્વીકારે, તો આ કાર્ય બહુ ઝડપથી થાય, અને આવા જ એક ગીતનો સંદર્ભ લઈને આપણે આજે તરાને કી તર્જ જીવન કા અર્ક માં આગળ ચિંતન કરીશું.

**સાથી હાથ બઢાના રે,**
**સાથી હાથ બઢાનાઃ,**
**એક અકેલા થક જાયેગા,**
**મિલકર બોજ ઉઠાના,**
**સાથી હાથ બઢાનાઃ સાથી રે..**
**હમ મહેનત કરને વાલોને જબભી મિલકર**
**કદમ ઉઠાયા,**
**સાગરને રસ્તા છોડા, પર્વત ને શીશ જુકાયા,**
**ફૌલાદી હે સીને અપને,ફૌલાદી હૈ બાહેં,**
**હમ ચાહે તો પેદા કર દે ચટ્ટાનો મેં રાહે,**
**સાથી હાથ બઢાના રે..**

ફિલ્મના ટાઈટલ પ્રમાણે જ આપણે પણ નયા દોર એટલે કે જે બધું ભૂલ રૂપે આપણાથી થઈ ગયું છે, એ બધું જ સરખું કરવા મથવું પડશે. એકબીજાના સાથ વગર આ કાર્ય શક્ય નથી, સૌએ સાથે મળીને આ કાર્ય કરવું પડશે. કારણકે કોઈ એકની ભૂલથી સમાજ ડામાડોળ થયો નથી, સૌ કોઈની ભૂલ આમાં સામેલ છે. જેમાં મુખ્ય ભૂલ આપણા સનાતન ધર્મ પ્રત્યે આપણે સજાગ રહ્યા નહીં! ઉપરાંત લોકકલ્યાણ કે લોકહિતના કાર્ય માટે જ્યારે કોઈ સાધુ આ રીતે યુગ નિર્માણની મસાલ લઈને યજ્ઞ કાર્ય કરવાનું બીડું ઝડપ્યું ત્યારે કોઈની ચડામણીથી આપણે આપણાનો જ વિરોધ કર્યો! અને આવાં તો નાના મોટા કેટલાય કારણથી સમાજ આખો ખળભળી ગયો. એટલે સૌ કોઈએ પોતાનાથી થાય તેટલી આહુતિ આમાં આપવી પડે ,અને તો જ યજ્ઞ સંપન્ન થશે, તેમજ ધાર્યુ પરિણામ આપણે મેળવી શકીએ. નહીં તો હજી આ સદી પણ પૂરી થઈ જશે, અને કદાચ ત્યારબાદ તો પૃથ્વી પર મનુષ્ય નામની પ્રજાતી પણ હતી, એવો કોઈ શબ્દાર્થ પ્રયોજી શકાય!!

આ બધી જ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને સમાજે સુધરવું તો પડશે જ, અને એમ જુવો આજની યુવાની ક્યાંક ક્યાંક બહુ સ્વચ્છંદ છે, તો ક્યાંક સમજુ પણ છે, અને તેઓ પોતાની રીતે આપણા એટલે કે હિન્દુ સંસ્કૃતિના સંસ્કારોને ઉજાગર કરતી પણ જોવા મળે છે. તો એક આહવાન રૂપે આપણે સૌ સાથી હાથ બઢાના ગીત ના મૂળ ભાવને પકડી અને સમાજના ઉદ્ધાર માટે જે કંઈ કરવું પડે એ કરીએ એવો એક સુંદર સંકલ્પ સૌ કરવો પડશે. ભગવાં કપડાં પહેરીને સન્યાસ ન લેવાય તો કંઈ નહીં, પરંતુ આપણી વૃત્તિઓમાં થોડો વૈરાગ્ય જગાવવો પડશે, અને એની માટે સૌને પોતાના સમજી પ્રેમ કરવો પડશે, મારું તારું નાં આ બંધનોથી જાતને મુક્ત કરવી પડશે. પ્રાથમિક જરૂરિયાતોને પ્રાધાન્ય આપી, અન્ય જરૂરિયાતોનો ત્યાગ કરવો પડશે. દરેકે દરેક વ્યક્તિ આવી નાની નાની પાંચ કે દસ વાતને યાદ રાખીને, તેમાં પોતાનાથી થઈ શકે એટલો ફેરફાર કરે, તો પણ સમાજની પરિસ્થિતિમાં ઘણો ફેર પડી શકે. ભગવાન રામ જ્યારે સીતાજીની શોધમાં હનુમાન, સુગ્રીવ અને અન્ય વાનર સાથે લંકા તરફ જવા નીકળે છે, અને છેક સુધી પહોંચે છે. ત્યારે એક સમુદ્રનું અંતર બાકી છે, અને આ સમુદ્ર કેમ પાર પાડવો એ એક સૌથી મોટી સમસ્યા હતી. અને પછી એની પર સેતુ બાંધવો એવું નક્કી થયું, સૌ પોતપોતાની રીતે આ સેતુ બનાવવા માટે મહેનત કરી રહ્યા હતાં. ત્યાં આગળ આટા મારતી એક ખિસકોલીને પણ આ સત્કાર્યમાં ભાગ લેવો હતો, અને તે વારેવારે રેતીની અંદર જઈ પોતાના શરીરમાં ભરાય એટલી રેતી કે અન્ય માટી રજકણો લઈ આવતી હતી, અને પછી આ સેતુ પર પોતાની જાત ખંખેરતી હતી, અને સમુદ્ર પર સેતુ બંધાઈ ગયો ઈતિહાસમાં આજે પણ એ ખિસકોલીનું નામ આદરપૂર્વક લેવામાં આવે છે, અને તેને યાદ કરવામાં આવે છે, એમ આપણે પણ નયા દોરના આ ગીતના બોલ પકડીને આપણાથી જે કંઈ થાય એવા પ્રયત્નો કરીએ, કે જેથી કરીને આવતીકાલે જ્યારે હિન્દુ સંસ્કૃતિનો ડંકો વિશ્વમાં વાગે, ત્યારે આપણે પણ એ વાતનો ગર્વ લઈ શકીએ કે, સંસ્કૃતિના ઉત્થાનમાં ભલે નાનો પણ મારો પણ ફાળો છે.

કવિ ગીતમાં આગળ લખે છે, તેમ મનુષ્ય ધારે તો કંઈ પણ કરી શકે છે, અને એકવાર મહેનત શરૂ કરીએ તો પછી અસ્તિત્વ પણ આપણને સાથ આપે છે.કવિ લખે છે તેમ મહેનત કરવા વાળા એ જ્યારે જ્યારે પોતાનાં લક્ષ્ય તરફ કદમ આગળ વધાર્યા છે, ત્યારે સમુદ્ર એ માર્ગ આપ્યો છે, અને પર્વત પણ તેની અડગતા આગળ ઝૂકી ગયું છે, કારણ કે આપણી છાતી લોખંડ જેવી અને એ કાર્ય કરવા માટેના હાથ પણ લોખંડી છે. લોખંડી શબ્દ આવે અને આપણને સરદાર વલ્લભભાઈ પટેલ યાદ ના આવે એવું તો બને ખરું!! યાદ કરીએ એ ભારતની આઝાદીના દિવસો, અંગ્રેજોથી તો દેશ આઝાદ થયો, પણ હજી પણ દેશ એક નહોતો, કારણ કે નાના નાના રજવાડાઓ હતાં, અને ગમે ત્યારે એમાંનું કોઈ વળી પાછું ફૂટી જાય, તો ફરી પશ્ચિમી શાસકો આપણી પર રાજ કરી શકે, અને આથી એકત્રીકરણની એ ઈતિહાસીક ઘટના ઘટી, જેનો શ્રેય સરદાર વલ્લભભાઈ ને ફાળે જાય છે. એટલે આપણે પણ આ કાર્ય કરી શકીએ તેમ છીએ, કારણકે ગાંધી-સરદારના ગુજરાતમાં આપણો જન્મ છે, અને લોહીમાં આ બધા સંસ્કારો જન્મતાની સાથે જ આપણને મળ્યા છે. ભારતમાં જન્મ થયો છે, એટલે મા ભારતી આપણી જનેતા છે. જન્મભૂમિ પણ એક જનેતા છે, અને માતૃભાષા પણ એક જનેતા છે, તો આ ત્રણેયનું માન વધે એ માટે પણ આપણે સૌ એ આ સાથી હાથ બઢાના, એ ગીતના શબ્દો મુજબ સૌ કોઈ એક થઈને હિન્દુ સંસ્કૃતિનાં ઉત્થાન માટે વિચારીને, આ કાર્ય વહેલામાં વહેલી તકે કરી શકીએ, પવિત્ર પ્રેમથી એકબીજા જોડાયેલા રહીએ, સૌનાં દુઃખદર્દને અનુભવી તેના સુખ માટે આપણું પણ યોગદાન હોય, એવું વિચારી આગળ વધીએ,એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**ગઇકાલે ગુજરાતી પ્રથમ અને દેશના ચોથા વડાપ્રધાન મોરારજી દેસાઈને ૧૨૯મી જન્મ જયંતીએ પુષ્પાંજલિ**

# પ્રથમ ગુજરાતી અને દેશના ચોથા વડાપ્રધાન મોરારજી દેસાઈને ૧૨૯મી જન્મ જયંતીએ પુષ્પાંજલિ ગઇકાલે પાઠવી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**૧૦ એપ્રિલ ૧૯૯૫ ના રોજ મગજમાં લોહી ગંઠાતા મુંબઈ ખાતે તેમનું અવસાન થયું, ૧૨મી એપ્રિલની સાંજે અમદાવાદમાં સાબરમતી આશ્રમ પાસે આવેલી ગોશાળાની ભૂમી પર પૂરા રાજકીય સન્માન સાથે તેમની અંતિમ ક્રિયા કરવામાં આવી**

મોરારજી દેસાઈનો જન્મ તત્કાલીન બોમ્બે પ્રેસિડન્સીના વિસ્તારમાં આવતા વલસાડ જિલ્લાના તેમજ તાલુકામાં આવેલા ભદેલી ગામમાં તા.૨૯/૦૨/૧૮૯૬માં થયો હતો. તેમનું આખું નામ મોરારજી ભાઈ રણછોડજી દેસાઈ હતું. ભારત દેશના સ્વાતંત્ર્ય સેનાની અને ચોથા વડાપ્રધાન (ઇ. સ. ૧૯૭૭થી ૭૯) હતા.તેઓ એવા પ્રથમ વડાપ્રધાન હતા કે જેઓ ભારતીય રાષ્ટ્રીય કાંગ્રેસના બદલે અન્ય કોઇ રાજકીય પક્ષમાંથી ચુંટાયા હતા. તેમણે સરકારમાં કેટલાય મહત્વના હોદ્દાઓ સંભાળ્યા હતા, જેવાંકે, મુંબઇ રાજ્યનાં મુખ્યમંત્રી, ગૃહ પ્રધાન,નાણા પ્રધાન અને ભારતના નાયબ વડાપ્રધાન. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે, મોરારજી દેસાઇ તેમના શાંતિ માટેનાં પ્રયત્નો અને દક્ષિણ એશિયાના બે દુશ્મન દેશો ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ માટેના પ્રયત્નો માટે જાણીતા છે. ૧૯૭૪માં ભારતના પ્રથમ અણુધડાકા પછી,મોરારજીભાઈ એ ચીન અને પાકિસ્તાન સાથે મૈત્રીભર્યા સંબંધો સ્થાપિત કરવામાં ભાગ ભજવ્યો હતો અને ભારત-પાકિસ્તાનનાં ૧૯૭૧ યુધ્ધ જેવી પરિસ્થિતી નીવારી હતી. ઘર આંગણે, તેમણે ૧૯૭૪ના અણુધડાકા પછી ભારતના અણુ કાર્યક્રમમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. પાછળથી તેમની નીતિઓએ મુખ્યત્વે સામાજિક, આરોગ્ય સંબંધિત અને સંચાલન ક્ષેત્રના સુધારાઓને ઉત્તેજન આપ્યું. તેઓ એકમાત્ર એવા વ્યક્તિ છે જેઓને ભારત દેશના સર્વોચ્ચ સમ્માન ભારત રત્ન (૧૯૯૧) તેમ જ પાકિસ્તાન દેશના સર્વોચ્ચ સમ્માન નિશાન-એ-પાકિસ્તાન (૧૯૯૦)થી સન્માનિત કરવામાં આવ્યા હોય. આજે પણ માત્ર બે રૂપિયા અને ૨૦ પૈસામાં ખાંડ આપનાર વડાપ્રધાન તરીકે લોકો મોરારજી દેસાઈ ને યાદ કરે છે. આ ઉપરાંત ચુસ્ત સિદ્ધાંતવાદી, નિયમિતપણે સ્વમૂત્ર તેમજ ફળાહાર જેવા કુદરતી ઉપચાર વડે તંદુરસ્ત શરીર જાળવનાર તરીકે પણ લોકો એમને યાદ કરે છે.આ ગામ હાલમાં ગુજરાત રાજ્યમાં આવે છે. તેઓનું પ્રાથમિક શિક્ષણ સૌરાષ્ટ્રમાં કુંડલા શાળા, સાવર કુંડલા (જે અત્યારે જે.વી. મોદી શાળા તરીકે ઓળખાય છે) માં થયું. ત્યાર બાદ તેઓએ બાઇ અવાંબાઇ હાઇસ્કૂલ, વલસાડમાં શિક્ષણ લીધું. મોરારજીભાઈએ વિલ્સન કૉલેજ, મુંબઈ,મહારાષ્ટ્રથી સ્નાતકની પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી.ત્યાર પછી તેઓ ગુજરાત માં નાગરીક (સિવિલ) સેવામાં ગોધરામાં નાયબ કલેક્ટર તરીકે જોડાયા હતા. એમણે મે,૧૯૩૦ના વર્ષમાં નોકરી માંથી રાજીનામું આપ્યું. ત્યારબાદ તેઓ આઝાદીની ચળવળમાં જોડાયા. ઇ. સ. ૧૯૩૦ ના વર્ષમાં તેમણે અસહકારની ચળવળમાં ભાગ લીધો હતો.સ્વતંત્રતા સંગ્રામ માં ભાગ લેવાને કારણે એમણે જેલ જવું પડ્યું હતુ અને એમણે ઘણો સમય જેલમાં વિતાવ્યો હતો.પોતાની નેતૃત્વ ક્ષમતાને કારણે તેઓ સ્વતંત્રતા સંગ્રામ સેનાનીઓના વહાલા રહ્યા અને ગુજરાતકોંગ્રેસના મહત્વપૂર્ણ નેતા રહ્યા હતા.જ્યારે ઇ.સ. ૧૯૩૪ અને ઇ.સ. ૧૯૩૭ના સમય માં પ્રાંતિય પરિષદોની ચુંટણીઓ થઇ ત્યારે તેઓ ચુંટાયા હતા તથા તેમણે બોમ્બે પ્રેસિડન્સી માં નાણાં (વિત્ત) મંત્રી તેમ જ ગૃહ મંત્રી તરીકેની જવાબદારીઓ નિભાવી હતી. ભારત દેશને આઝાદી મળ્યા પછી તેઓ રાજકારણમાં સક્રિય રહ્યા હતા. તેમણે રાજ્યના પ્રધાન અને દેશના પ્રધાન તરીકે વિવિધજવાબ દારીઓ નિભાવી હતી. ભારતની સ્વતંત્રતા પૂર્વે તેઓ મુંબઇના ગૃહ મંત્રી બન્યા હતા અને પાછળથી ૧૯૫૨માં મુંબઇ રાજ્યના મુખ્યમંત્રી તરીકે ચૂંટાઇ આવ્યા હતા. આ રાજ્ય ગુજરાતી ભાષી અને મરાઠીભાષી લોકોનુ બનેલુ દ્વિભાષી રાજ્ય હતું ૧૯૫૬થી સંયુક્ત મહારાષ્ટ્રસમિતિ એ માત્ર મરાઠીભાષી લોકોના બનેલા ‘‘મહારાષ્ટ્ર’’ રાજ્યની માગણી માટે ચળવળ શરૂ કરી. બીજી બાજુ, ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળની સમિતિએ ‘‘ગુજરાત’’ રાજ્યની માગણી માટે ‘‘મહા ગુજરાત આંદોલન’’ શરૂ કર્યુ. રાષ્ટ્રિય દ્રષ્ટિએ ચુસ્ત એવા મોરાર જી દેસાઈ આ બંને ચળવળોના વિરોધી હતા.જ્યારે ફ્લોરા ફાઉન્ટેન પાસે સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિ દ્વારા થઇ રહેલા વિરોધના કારણે ચળવળકારીઓ ને લીધે જાહેર મિલકત અને વ્યાવસાયિક ઓફિસોને થઇ રહેલા નુકસાનને અટકાવવા તેમણે પોલીસને ટોળા પર ગોળીબાર માટે મંજૂરી આપી હતી. જ્યારે સ્ટોક એક્સચેન્જમાં હુમલાનો નિકટવર્તી ભય વર્તાઇ રહ્યો હતો ત્યારે પોલીસે પ્રથમ એક કલાક હવામાં ગોળીબાર કર્યો હતો.પરંતુ આ પગલું પરિસ્થીતીને કાબુમાં લાવી શક્યુ નહીં,તેથી થયેલા સીધા ફાયરિંગ થી સમગ્ર ઘટના દરમિયાન ૧૦૫ તોફાનીઓ માર્યા ગાયા હતા. દેસાઇ ત્રણ દિવસમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ લઇ આવવામાં સફળ રહ્યા હતા. જોકે તેઓ આ મુદ્દે શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માગતા હતા અને માર્ગો પર થતી હિંસાનો અંત આણવા આતુર હતા. તેથી પાછળથી તેમણે ભાષાકીય આધાર પર રાજ્ય દ્વિભાજનની પરવાનગી આપી હતી. રાજ્ય દ્વિભાજન પછી મુંબઇ નવા બનેલા મહારાષ્ટ્ર રાજ્યનુ પાટનગર બન્યુ. ઈચ્છા વિરુદ્ધ દ્વિભાષીય રાજ્ય રચનાથી વિક્ષપ્ત મોરારજીએ મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપ્યું. યશવન્તરાવ ચવ્હાણે મુખ્યમંત્રી તરીકેનો હવાલો સંભાળતા ૧૪મી નવેમ્બર ૧૯૫૬માં તેઓ જવાહર લાલ નહેરૂના પ્રધાનમંડળમાં વેપાર ઉદ્યોગ ખાતનાપ્રધાન તરીકે જોડાયાં,૧૯૫૮માં મુંદડા-પ્રકરણને કારણે ટી. ટી. કૃષ્ણમાચારીએ નાણા પ્રધાન તરીકે રાજીનામું આપતાં માર્ચ મહિનામાં નાણાખાતાનો પદભાર સંભાળ્યો. લાંબી મુદતની લોનોનું આયોજન, સુવર્ણનિયંત્રણ યોજના, ફરજી યાત બચત યોજના, આવકવેરા પર સરચાર્જ, પરદેશી આર્થિક મદદની શરતોમાં હળવાશ વગેરે તેમનાં નાણાંપ્રધાન તરીકેનાં અગત્યના નિર્ણયો રહ્યાં. ૧૯૬૭ની ચૂંટણી મોરારજીભાઇ નાયબ વડાપ્રધાન અને નાણાપ્રધાન તરીકે પદભાર સંભાળ્યો. પરંતુ પાર્લામેન્ટરી બૉર્ડના પ્રમુખની ઉમેદવારની પસંદગીના નિર્ણયના વિરોધમાં નારાજ મોરારજીએ મંત્રી તરીકે રાજીનામું આપી દીધું. ડિસેમ્બર ૧૯૬૯માં ગાંધીનગર ખાતેના અધિવેશનમાં સંસ્થા કૉંગ્રેસની સ્થાપનાના મુખ્ય સૂત્રધાર રહ્યાં. મોરારજી દેસાઈ ગાંધીજીના રસ્તે ચાલનારા,સામાજીક સેવક, સંસ્થા સ્થાપક અને મહાન સુધારાવાદી હતા. તેઓ મહાત્મા ગાંધી દ્વારા સ્થાપવામાં આવેલ ગુજરાત વિદ્યાપીઠનાં કુલપતિ હતા. તેમનાં વડા પ્રધાનના કાર્ય કાળ દરમિયાન પણ તેઓ વિદ્યાપીઠની મુલાકાત લેતા હતા અને ઓક્ટોબર મહિનામાં વિદ્યાપીઠમાં નિવાસ કરતા હતા. તેઓ સાદાઈ થી જીવતા હતા અને વડા પ્રધાન હોવા છતાં જાતે જ પોસ્ટ કાર્ડ લખતા હતા. સરદાર પટેલે તેમને ખેડા જિલ્લાના ખેડૂતો જોડે મંત્રણાઓ કરવા માટે નીમ્યા હતા, જે છેવટે અમુલ સહકારી મંડળીની સ્થાપના માટે કારણભૂત બની. તેમના કાર્યકાળ દરમિયાન, તેઓએ જાહેર વિતરણ વ્યવસ્થા બંધ કરી અને તેનાથી રસ્તી ખાંડ અને અનાજ પ્રાપ્ત થતાં રેશનની દુકાનો બંધ થઇ ગઇ હતી. મોરારજી દેસાઇ ભારતીય ટપાલ ટિકિટ ૫૨,૧૯૯૬ મોરારજી દેસાઇ ભારતીય ટપાલ ટિકિટ ૫૨,૧૯૯૭ મોરારજી દેસાઇ ભારતીય ટપાલ ટિકિટ ૫૨. મોરારજી દેસાઈને એક પુત્ર કાંતિ દેસાઈ,બે પૌત્ર ભરત અનેજગદીપ દેસાઈ અને ચાર પ્રપૌત્રો છે. આમાંથી રાજકીય ક્ષેત્રે માત્ર મધુકેશ્વર દેસાઈ જ સક્રિય છે, જે તેમનો પ્રપૌત્ર અને જગદીપ દેસાઈ ના પુત્ર છે.તેઓ પોતાનાં દાદામહ જેવી છાપ ઉભી કરવા માટે સક્રિય છે.મધુકેશ્વર દેસાઈ ભારતીય જનતા યુવા મોર્ચાનાં રાષ્ટ્રીય ઉપ-પ્રમુખ છે, જે ભારતીય જનતા પાર્ટીની યુવા પાંખ છે.વિશાલ દેસાઈ, જેઓ ભરત દેસાઈના પુત્ર છે, લેખક અને ફિલ્મ નિમાર્ણકર્તા છે.તેઓ ૨૦૦૯માં લંડન ફિલ્મ સ્કૂલમાંથી સ્નાતક થયા .હાલમાં તેઓ મુંબઈ ખાતે તેમની પોતાની ફિલ્મ નિર્માણ સંસ્થા, ‘અ થાઉઝન્ટ ફેસીસ પ્રોડક્શન્શ’, ચલાવી રહ્યા છે. ૧૯૭૮માં, વડાપ્રધાન મોરારજી દેસાઇ, કે જેઓ લાંબા સમયથી સ્વમૂત્ર ચિકિત્સા અજમાવી રહ્યા હતા, એ વિશે ડાન રાથેર જોડે ૬૦ મિનિટો સુધી સ્વમૂત્ર પીવાથી થતા ફાયદા વિશે ચર્ચા કરી હતી. મોરારજીએ કહ્યું હતું કે સ્વમૂત્ર ચિકિત્સાએ આરોગ્ય સુવિધા ન પરવડી શકે એવા લાખો ભારતીયો માટે ઉત્તમ ચિકિત્સા છે. તેઓ આ તેમની આદત માટે કેટલાય ભારતીયો અને વિદેશીઓ દ્વારા અણગમો પામ્યા હતા. મોરારજીભાઈએ મુંબઈમાં પુત્ર પરિવાર સાથે જીવન ગાળ્યું.

૨૬ ફેબ્રુઆરીના દિવસે દુ:ખદ અવસાન થયું હતું

# લલિત ત્રિવેદીની આંગળી પકડી સંગીતના ક્ષેત્રમાં આવ્યા હતા

## ગઝલ જેવી શાસ્ત્રીય ગણાતી ગાયકીને સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં સૌથી મોટું અને મહત્વનું યોગદાન



પંકજ ઉધાસ સંગીત જગતમાં એક એવુ નામ કે જેને દેશવાસીઓ ક્યારેય નહીં ભૂલી શકે. ગઝલ જેવી શાસ્ત્રીય ગણાતી ગાયકીને સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં સૌથી વધુ યોગદાન પંકજ ઉધાસનું છે. હાલમાં તેઓનું મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં સોમવારે ૨૬ ફેબ્રુઆરીએ ૮૫ વર્ષની વયે સવારે ૧૧ વાગ્યે મૃત્યુ થયું હતું. તેમના મૃત્યુના સમાચાર સાંભળી તેમના ચાહકો અને દેશવાસીઓમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. ત્યારે તેમના નાનપણના સંગીત ગુરુ લલિત ત્રિવેદીએ તેમને યાદ કરતા પંકજ ઉધાસ અને તેમના બંને ભાઈઓ સાથે વિતાવેલા સમયને યાદ કરી સંસ્મરણોને વાગોળ્યા હતા. ગઝલ જેવી શાસ્ત્રીય ગણાતી ગાયકીને સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં સૌથી મોટું અને મહત્વનું યોગદાન પંકજ ઉધાસનું માનવામાં આવે છે. પંકજ ઉધાસ પોતાની ગાયકીથી લોકોને મંત્રમુગ્ધ કરી દેતા હતા. ગાયકીની દુનિયામાં તેઓ પગ મુકતા ગઝલ દેશ દુનિયામાં રહેતા લોકોના ઘરે ઘરે પહોંચી હતી. પરંતુ તેમની આ સફળતા પાછળ અને સંગીતની દુનિયામાં પંકજ ઉધાસેને પાપાપગલી જો કોઈએ પાળતા શીખવાડ્યું હોય તો તે રાજકોટના લલિત ત્રિવેદી છે. પંકજ ઉધાસના સંગીત ગુરુ કહી શકાય તેવા લલિત ત્રિવેદી પાસે પંકજ સંગીત શીખવા આવતા હતા. રાજકોટમાં રહેતા અને સંગીતના પાઠ શિખવનાર લલિત ત્રિવેદીની ઉંમર ૮૫ વર્ષની છે. તેઓ પંકજ ઉધાસના ગુરુ છે. ગુરુ લલિત ત્રિવેદીએ જુના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, પંકજ ઉધાસ અને તેના બંને ભાઈઓ નાના હતા ત્યારથી તેઓ સંગીતના પાઠ શીખવા માટે આવતા હતા. પંકજ વિરાણી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. ત્રણેય ભાઈઓ સવારે ૯ વાગ્યાથી આવી જતા હતા. અને જો એક દિવસ પણ આ ત્રણેય ભાઈઓ ન આવે તો લલિત ત્રિવેદીને ઘર સુનુ સુનુ લાગતું હતું. પંકજ ઉધાસ વિશે વાત કરતા તેમણે કહ્યું કે, તેઓ નાના હતા ત્યારથી જ ખૂબ જ શરમાળ પ્રકૃતિના હતા. તેમના માતા મને કહેતા કે, પંકજ એક કાચના વાસણ જેવા છે. જેથી તેને ઉંચા અવાજે કઈ કહેતા નહીં. છતાં પણ ઘણી વખત સંગીતમાં નબળું પર્ફોર્મન્સ આપે તો હું તેને હળવી ટાપલી મારી દેતો હતો. તે દિવસે પણ પંકજ ઘરે જઈને રડતા હતા.



ઈશિકા ચર્ચામાં છે કારણ કે તેની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ

# સારાની હમશકલ જોઈ તમને આંખો પર વિશ્વાસ નહીં થાય

બોલિવૂડની જાણીતી અભિનેત્રી સારા અલી ખાન ખૂબ જ ઓછા સમયમાં લોકોમાં એક જબરદસ્ત ઓળખ બનાવવામાં સફળ રહી છે. સમગ્ર વિશ્વમાં તેના અદ્ભુત ફેન ફોલોઈંગ છે. લોકો તેની એક્ટિંગના દિવાના છે અને બધા તેની સુંદરતાથી પ્રભાવિત રહે છે. આજે આપણે સારા વિશે નહીં પરંતુ તેની હમશકલ ઈશિકા જયવાની વિશે વાત કરવાના છીએ. આજકાલ ઈશિકા ચર્ચામાં છે કારણ કે તેની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ઈશિકાની તસવીરો જોઈને તમે પણ છેતરાઈ જશો અને જ્યારે તમને કહેવામાં આવશે કે આ સારા અલી ખાન નથી પણ ઈશિકા છે તો કદાચ તમને તમારી આંખો પર વિશ્વાસ નહીં થાય. વાસ્તવમાં માત્ર ઈશિકાનો ચહેરો કે તેની સ્ટાઈલ જ નહીં, પરંતુ તે માથાથી પગ સુધી સારા અલી ખાન જેવી લાગે છે. તેની તસવીરો પહેલી નજરમાં જોઈને કોઈપણ છેતરાઈ જશે. તમને જણાવી દઈએ કે, સારા અલી ખાન પણ ઈશિકા સાથે સારી બોન્ડિંગ શેર કરે છે અને જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો તે કેટલાક પ્રોજેક્ટ્સમાં સારાની



બોડી ડબલની જેમ જોવા મળે છે. ઈશિકા સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ એક્ટિવ છે અને દરરોજ તેની લેટેસ્ટ તસવીરો અહીં શેર કરતી રહે છે, જે તેના ફેન્સને ઘણી પસંદ આવે છે. જો તમે ઈશિકાનું ઈન્સ્ટા એકાઉન્ટ ચેક કરશો તો તમને સારા અલી ખાન સાથે તેની ઘણી તસવીરો જોવા મળશે, જેમાં બંને એક સરખા ડ્રેસ પહેરેલા જોવા મળે છે.

હાર્ટ ઓફ સ્ટોનનું શૂટિંગ

આલિયા ભટ્ટે પ્રેગનન્સી દરમિયાન કર્યુ હતુ, ફેન્સ પણ ચોંકી ગયા હતા

# પ્રેગનન્ટ હોવા છતા અભિનેત્રીઓએ શૂટિંગ પૂરું કર્યુ હતું

આલિયા ભટ્ટનું નામ પણ આ લિસ્ટમાં શામેલ છે. આલિયા ભટ્ટે પ્રેગનન્સી દરમિયાન હાર્ટ ઓફ સ્ટોનનું શૂટિંગ કર્યુ હતુ. જો કે આલિયા ભટ્ટના ફેન્સ આ સમયે પણ ચોંકી ગયા હતા. યામી ગૌતમે પોતાની પ્રેગનન્સીને લઈને એનાઉન્સ કરીને લોકોને ચોંકાવી દીધા છે. આ ખબર સામે ત્યારે આવી જ્યારે યામીએ એની ફિલ્મ આર્ટિકલ ૩૭૦ના પ્રમોશ્નલ એક્ટિવિટી શરૂ કરી. યામીના ફેન્સ આ વિચારીને હેરાન થઈ ગયા હતા કે એક્ટ્રેસે પ્રેગનન્સીની હાલતમાં પોતાની ફિલ્મનું કામ સંભાળ્યું. લેટેસ્ટ રિપોર્ટમાં આ વાતને કન્ફોર્મ કરી છે કે યામી જે સમયે ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી એ સમયે પ્રેગનન્ટ હતી. તો જાણો બીજી આ એક્ટ્રેસ વિશે કે જેમને પ્રેગનન્સી દરમિયાન શૂટિંગ કર્યુ છે. શોલેના શૂટિંગ દરમ્યાન જયા બચ્ચનની પહેલી પ્રેગનન્સી હતી. એટલે કે શ્વેતા નંદાનો આ સમયે ગર્ભમાં ઉછેર થઈ રહ્યો હતો. આમ, જ્યારે તમે પ્રેગનન્ટ હોવ અને કોઈ કામ કરો છો તો તમારે પોતાની કેર વધારે કરવી પડે છે. જો કે આ સેલેબ્સ



પોતાનું મનોબળ મજબૂત કરીને આ દિવસોમાં ફિલ્મનું શૂટિંગ કર્યુ હતુ. જુહી ચાવલાનું નામ પણ આ લિસ્ટમાં છે. જૂહી ચાવલા ફિલ્મ આમદની અઠન્ની ખર્ચા રૂપૈયાના શૂટિંગ દરમ્યાન પ્રેગનન્ટ હતી. કાજોલ ફિલ્મ વી આર ફેમિલીના શૂટિંગ દરમ્યાન પ્રેગનન્ટ હતી. કાજોલ આજે પણ અનેક લોકોના દિલમાં રાજ કરે છે. ભલે કાજોલ ફિલ્મી દુનિયાથી દૂર હોય પરંતુ આજે પણ લોકોને ફિદા કરી દે છે. કરીના કપૂર ફિલ્મ વીર દે વેડિંગના શૂટિંગ દરમ્યાન પ્રેગનન્ટ હતી. આ મુવી ફેન્સને ખૂબ પસંદ પડ્યુ હતુ. કરીના કપૂરની એક્ટિંગ આજે પણ લોકોને ગમે છે. આમ કરીના કપૂર સોશિયલ મિડીયા પર હંમેશા ફેન્સ માટે તસવીરો અને વિડીયો શેર કરતી રહેતી હોય છે. એ થર્સ ડે મુવીના શૂટિંગ દરમ્યાન નેહા ધુપિયા પ્રેગનન્ટ હતી. બેબી બમ્પને લઈને ફિલ્મમાં નજરે પડી હતી. આમ આ સમયે મજબૂત મનોબળ કરીને અભિનેત્રીઓએ પ્રેગનન્સી સમયે ફિલ્મનું શૂટિંગ પૂરું કર્યુ હતુ અને પોતાની અલગથી ઓળખ બનાવી. આ લિસ્ટમાં શ્રીદેવી કપૂરનું નામ પણ સામેલ છે.




# બડે મિયાં છોટે મિયાં ફિલ્મનું મસ્ત મલંગ ઝૂમ સોન્ગ રિલીઝ

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની અપકમિંગ ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મના પ્રમોશન માટે એક્ટર્સ અનેક ઘણી તૈયારીઓમાં લાગી ગયા છે. થોડા દિવસ પહેલાં મેકર્સે ટાઈટલ ટ્રેક રિલીઝ કર્યુ હતુ જે એક પાર્ટી એન્થમ થીમ છે. જો કે હવે મેકર્સે નવુ સોન્ગ રિલીઝ કર્યુ છે. આ ગીતમાં અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફના ડાન્સ સ્ટેપ્સ જોઈને તમે ખુશ થઈ જશો. આ ગીતનું નામ મસ્ત મલંગ ઝૂમ છે. આ ગીત રિલીઝ થતાની સાથે સોશિયલ મિડીયામાં છવાઈ ગયુ છે. બડે મિયાં છોટે મિયાં'ના આ નવા સોન્ગનું નામ સાંભળીને તમે અંદાજો લગાવી શકો કે કેવું જોરદાર હશે. આ ગીત સાંભળીને તમે ઝુમી ઉઠશો. કંઈક આવું સોન્ગમાં પણ તમને જોવા મળશે. આ ગીત એક પાર્ટી માટે પરફેક્ટ સોન્ગ છે, જેમાં અક્કી ટાઈગર ફૂલ ટૂ પાર્ટીને એન્જોય કરતા જોવા મળી રહ્યા છે. ગીતમાં એક્ટ્રેસ સોનાક્ષી સિન્હા પણ મસ્ત રીતે ઠુમકા મારી રહી છે. 'બડે મિયાં છોટે મિયાં'માંથી પહેલી વાર સોનાક્ષીનો લુક સામે આવ્યો છે. એક્ટ્રેસનો આ લુક ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. આ ગીતના લાખો લોકો દિવાના થઈ ગયા છે. આમ, તમને જણાવી દઈએ કે 'બડે મિયાં છોટે મિયાં'નો લેટેસ્ટ ટ્રેસ મસ્ત મલંગ ઝૂમને અરિજીત સિંહ, વિશાલ મિશ્રા અને નિકીતા ગાંધીએ પોતાનો અવાજ આપ્યો છે.

તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ

# ગૌરી ખાને અનન્યાના ૧ બેડરૂમ વાળા ઘરને બનાવી દીધો મહેલ



બોલિવૂડ સ્ટાર અનન્યા પાંડે ઈન્ડસ્ટ્રીની એ અદાકારમાંથી એક છે જેની નાની ઉંમરમાં મોટી સફળતા મેળવી લીધી છે. એક્ટ્રેસ અનન્યા પાંડેએ નાની ફિલ્મી કરિયરથી પોતાની શરૂઆત કરી હતી જે હિટ રહી અને આજે અનેક લોકોના દિલમાં રાજ કરે છે. નાની ઉંમરમાં અનન્યા પાંડેએ મુંબઈ જેવા મોટા સીટીમાં પોતાનું ઘર ખરીદ્યું છે. એક્ટ્રેસ આ ઘરની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. આ ઘરને ઈન્ટીરિયર ડિઝાઈનર ગૌરી ખાને સજાવ્યું છે. અનન્યા પાંડેના ઘરની આ તસવીરો જોતાની સાથે તમે પણ ઉ બોલી ઉઠશો. એક્ટ્રેસે આ તસવીરોમાં પોતાના ઘરની અંદરની ઝલક બતાવી છે. ઘરને એકદમ મોર્ડન અને ક્લાસી લુક આપ્યો છે. ફિલ્મ એક્ટ્રેસ અનન્યા પાંડેના ઘરનો ડ્રોઈંગ રૂમ એકદમ ક્લાસી છે. જેને વ્હાઈટ કમ્ફર્ટેબલ સોફાથી સજાવવામાં આવ્યો છે. આ સાથે દિવાલ પર ખૂબસુરત ફલાવરનું વોલ પેપર લગાવ્યુ છે. આમ, તમને જણાવી દઈએ કે એક્ટ્રેસનું ઘર માત્ર ૧ બીએચકે એપ ાર્ટમેન્ટ છે. જેમાં એક્ટ્રેસે બન્ને રૂમમાં સોફા સેટ મુકીને કમ્પ્લીટ કર્યો છે. ઘરના બીજા રૂમમાં મસ્ત વ્હાઈટ કલરનું કમ્ફર્ટેબલ સોફા મુક્યો છે. એક્ટ્રેસ ઘરના આ ખુણામાં મસ્ત રીતે રિલેક્સની પળો માણી શકશે. જેની ઝલક અનન્યા પાંડેએ આ તસવીરોમાં શેર કરી છે. અનન્યા પાંડેએ એના ઘરમાં એક નાનું ડાઈનિંગ સેટ પણ મુક્યુ છે. આ ડાઈનિંગ ટેબલ ૩ સીટર છે. આ બન્ને રૂમને એટેચ કરતા વચ્ચે રાખ્યુ છે. એક નાનું મસ્ત કિચન પણ છે. જેમાં એક્ટ્રેસે જરૂરિયાતની વસ્તુઓ મુકી છે. આ કિચનને ગૌરી ખાને મસ્ત સ્ટાઈલિશ અંદાજમાં ડેકોટેરટ કર્યો છે. આ કિચન જોતાની સાથે તમને એક નજરે ગમી જશે. અનન્યા પાંડેનો વોર્ડરોબ પણ એકદમ ક્લાસી અને હટકે છે. આ ઓપન વોર્ડરોબ એરિયામાં કપડાને હેંગ કરવાની વ્યવસ્થા કરી છે. આ સાથે કેબિનેટ્સમાં એક્ટ્રેસે એવોર્ડ પણ મુક્યા છે.


# લાપતા લેડીઝના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં સેલેબ્સનો જમાવડો

## લાપતા લેડીઝના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં કાજોલ પણ જોવા મળી

બોલિવૂડ એક્ટર આમિર ખાનની એક્સ વાઈફ કિરણ રાવના ડાયરેક્શનમાં બનેલી ફિલ્મ 'લાપતા લેડીઝ' ૧ માર્ચના રોજ રિલીઝ થવાની છે. કિરણ રાવની ફિલ્મ 'લાપતા લેડીઝ'નું ૨૭ ફેબ્રુઆરીએ એટલે કે મંગળવારના રોજ સ્પેશિયલ સ્ક્રીનિંગ રાખવામાં આવ્યુ હતુ. આ ફિલ્મના સ્ક્રીનિંગમાં આમિર ખાન સહિત તમામ સિતારાઓએ હાજરી આપી હતી. આ સમયે આમિર ખાને એક્સ વાઈફ કિરણ રાવ સાથે મસ્ત પોઝ આપ્યા. બન્ને કેમેરાની સામે સ્માઈલ આપતા જોવા મળ્યા. જો કે આ તસવીર જોઈને હાલમાં ચારેબાજુ આમિર અને કિરણ રાવની ચર્ચાઓ ચાલી રહી છે. આ સ્પેશિયલ સ્ક્રીનિંગમાં શરમન જોશીએ હાજરી આપી હતી. શરમન જોશીની સાથે એમની વાઈફ પણ નજરે પડી. પોપ્યુલર ફિલ્મમેકર કરણ જોહરે પણ 'લાપતા લેડીઝ'ના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી. આ દરમિયાન કરણે પૈપરાઝી સાથે મસ્ત ફોટો ક્લિક કરાવ્યા. જો કે આ તસવીરમાં તમે કરણ જોહરનું યુનિક ડ્રેસિંગ જોઈ શકો છો. લાપતા લેડીઝના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં કાજોલ પણ જોવા મળી. કાજોલે એકદમ સ્ટાઈલિશ અંદાજમાં તસવીરો ક્લિક કરાવી હતી. આ તસવીરો સોશિયલ મિડીયામાં છવાઈ ગઈ છે. કાજોલ હંમેશા એના સિમ્પલ લુકથી લોકોને ફિદા કરી દેતી હોય છે. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ અભિનેતા સની દેઓલ પણ 'લાપતા લેડીઝ'ના સ્ક્રીનિંગમાં



જોવા મળ્ય. આ સમયે સની દેઓલનો સ્વેગ ખાસ જોવા જેવો હતો. સનીની આ સ્ટાઈલ જોઈને તમે પણ ખુશ થઈ જશો. આમ કહી શકાય કે સનીની ફિટ બોડી જોઈને તમે પણ ઉંમરનો અંદાજો નહીં લગાવી શકો. આ સ્ક્રીનિંગમાં આમિર ખાનની દીકરી ઈરા ખાન પણ જોવા મળી. ઈરા ખાને પતિ નૂપુર શિખરે સાથે હાજરી આપી હતી. જાન્યુઆરી મહિનામાં કપલના લગ્ન થયા છે. બોલિવૂડ એક્ટર અલી ફઝલ ફિલ્મ 'લાપતા લેડીઝ'ના સ્ક્રીનિંગમાં પહોંચ્યો હતો. અલી ફઝલની સ્ટાઈલ અને અંદાજ સૌથી અલગ જોવા મળ્યો હતો.




# બીજા જ વીકએન્ડ પહેલા યામીની ફિલ્મ ૩૫ કરોડને વટાવી જશે

યામી ગૌતમ પાસે પર્સનલ અને પ્રોફેશનલ બંને મોરચે ક્લાઉડ નાઈન પર રહેવાના તમામ કારણો છે. દિવા, જે હવે તેના પતિ આદિત્ય ધર સાથે તેના પ્રથમ બાળકની અપેક્ષા રાખી રહી છે, તે તેની તાજેતરની રજૂઆત માટે આગળ વધી રહી છે. અમે કલમ ૩૭૦ વિશે વાત કરી રહ્યા છીએ જે એક રાજકીય એક્શન થ્રિલર છે અને તેમાં યામી ગૌતમ ઝૂની નામના ગુપ્તચર અધિકારીની ભૂમિકામાં છે. આ ફિલ્મ, જેમાં પ્રિયમણી, સ્કંદ ઠાકુર, અશ્વિની કૌલ, વૈભવ તત્વાવાડી, અરુણ ગોવિલ અને કિરણ કરમરકર પણ મુખ્ય ભૂમિકામાં છે, તે જમ્મુ અને કાશ્મીરમાં ૨૦૧૯ ના વિવાદાસ્પદ કલમ ૩૭૦ નાબૂદની આસપાસ ફરે છે. કહેવાની જરૂર નથી કે આર્ટિકલ ૩૭૦ વર્ષની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક રહી છે અને તે બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કરી રહી છે. આ ફિલ્મે તેની બોક્સ ઓફિસની સફર ૫.૯ કરોડ રૂપિયાના ઓપનિંગ ડે કલેક્શન સાથે શરૂ કરી હતી. અને જ્યારે તેણે તેના પ્રથમ સોમવારે કલેક્શનમાં નોંધપાત્ર ઘટાડો કર્યો હતો, ત્યારે તે બોક્સ ઓફિસ પર સ્થિર ગ્રાઉન્ડ ધરાવે છે. વલણને જોતાં, કલમ ૩૭૦ રૂ. ૨.૫-૩ કરોડ ટંકશાળ કરે તેવી શક્યતા છે અને આજે રૂ. ૩૫ કરોડને વટાવી જશે. વાસ્તવમાં, તે અત્યાર સુધીમાં રૂ. ૧.૧૫ કરોડની કમાણી કરવામાં સફળ રહી છે અને દિવસના અંત સુધીમાં સંખ્યા વધતી જશે. બોલિવૂડ ફિલ્મ સ્ટાર યામી ગૌતમ સ્ટારર ડાયરેક્ટર આદિત્ય સુહાસ જભાનલેની તાજેતરની રીલિઝ થયેલી ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦' અપેક્ષા કરતા વધુ સારી કમાણી કરતી જોવા મળી રહી છે. આ ફિલ્મ રિલીઝ થયાને માત્ર ૬ દિવસ જ થયા છે. આ ૬ દિવસમાં ફિલ્મ સારી કમાણીના આંકડા રજૂ કરી રહી છે. જમ્મુ અને કાશ્મીર પર લગાવવામાં આવેલી કલમ ૩૭૦ હટાવવાની વાર્તા પર આધારિત આ ફિલ્મમાં અભિનેત્રી યામી ગૌતમ અને સાઉથની અભિનેત્રી પ્રિયામણીએ મહત્વની ભૂમિકા ભજવી છે. આ ફિલ્મ તેની સરળ વાર્તા અને જબરદસ્ત અભિનયના કારણે દર્શકોને થિયેટર તરફ આકર્ષવામાં સફળ રહી હતી અને રિલીઝના ૬ દિવસમાં જ ફિલ્મે ૩૫ કરોડનો આંકડો પાર કરી લીધો છે. રસપ્રદ વાત એ છે કે ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦' અઠવાડિયાના દિવસોમાં પણ સારી કમાણી કરી રહી છે. કામકાજના દિવસોમાં પણ ફિલ્મે ચુસ્ત રેન્જમાં કમાણી કરી હતી. ફિલ્મે સોમવાર, મંગળવાર અને બુધવાર એમ ત્રણેય દિવસે ૩ કરોડ રૂપિયાની કમાણી કરી છે. જે ખૂબ જ સકારાત્મક સંકેત છે. જ્યારે, રિલીઝ થયા પછીના પહેલા વીકએન્ડમાં ફિલ્મની કમાણીમાં દરરોજનો ઉછાળો જોવા મળ્યો હતો. આ ફિલ્મે શુક્રવારે પહેલા દિવસે ૬.૧૨ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. તો શનિવારે આ આંકડો રૂ. ૯.૦૮ કરોડને પાર કરી ગયો હતો. જ્યારે, રવિવારે 'આર્ટિકલ ૩૭૦'ની કમાણી વધુ વધી અને ફિલ્મની કમાણી ૧૦.૨૫ કરોડ રૂપિયાને પાર કરી ગઈ. આ પછી ફિલ્મે સોમવારે ૩.૬૦ કરોડ રૂપિયા, મંગળવારે ૩.૫૫ કરોડ રૂપિયા અને બુધવારે ૩.૧૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે જ ફિલ્મની અત્યાર સુધીની કુલ કમાણી સ્થાનિક બોક્સ ઓફિસ પર ૩૫.૭૫ કરોડ રૂપિયાને પાર કરી ગઈ છે. જો આપણે વર્લ્ડવાઈડ લેવલની વાત કરીએ તો યામી ગૌતમ અને પ્રિયામણી સ્ટારર આ ફિલ્મે અત્યાર સુધીમાં થિયેટરમાંથી ૪૪.૬૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

### પૂર્વ પ્રધાનમંત્રી શ્રી મોરારજીભાઈ દેસાઈની ૧૨૯મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમ ખાતે

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરી



। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતની આઝાદીની ચળવળમાં અમૂલ્ય ફાળો આપનાર શ્રી મોરારજીભાઈ દેસાઈની ૧૨૯મી જન્મ જયંતી નિમિત્તે વિધાન સભા પોડિયમ ખાતે તેમના તૈલ ચિત્ર સમક્ષ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તથા વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ ઉપરાંત નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત, પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, આદિજાતી વિકાસ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર, સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા ઉપરાંત મંત્રી મંડળના સભ્યો તથા ધારાસભ્યોએ શ્રી મોરારજીભાઈ દેસાઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# કપડવંજ તૈયબપુરા ગામે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ વિના મૂલ્યે ગેસ કનેક્શન કાર્યક્રમ



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૨૯ ।

કપડવંજ તાલુકાના તૈયબપુરા ગામે આજ રોજ ખેડા જિલ્લા બક્ષીપંચ મોર્ચા કોષાધ્યક્ષશ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબાના વરદ હસ્તે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાના ૩૫ લાભાર્થી બહેનોને શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સી કપડવંજ દ્વારા વિનામૂલ્યે ગેસ કનેક્શન આપી ખાટલા બેઠક કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજેશભાઈ શર્માએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ જનસુખાકારીની તમામ યોજનાઓ વિશે માહિતી આપી હતી. જ્યારે કપડવંજની શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સીના સંચાલક શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડે પણ પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાની વિગતવાર સમજણ આપી હતી. આ પ્રસંગે ગામના સરપંચશ્રી રામજીભાઈ દેસાઈ, આંગણવાડી કાર્યકર બહેનશ્રી રચનાબેન, શ્રી સુરેશસિંહ સોલંકી સહિતના મહાનુભાવો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં ઝાલોદ નગરમાંથી કોંગ્રેસની ભારત જોડો યાત્રાનો સાત માર્ચેથી આરંભ

### કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી નગરમાં રેલી તેમજ જાહેર સભા સંબોધશે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ નગરમાં તારીખ સાત માર્ચ ગુરુવારના રોજ કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી ઝાલોદ નગરમાં આવનાર છે. ગુજરાતમાં કોંગ્રેસની ભારત જોડો યાત્રાનો આરંભ ઝાલોદ નગર માથી થઈ રહેલ છે. તેને લઈ દાહોદ જિલ્લા કોંગ્રેસ દ્વારા મીટિંગોનો દોર યોજાઈ રહેલ છે અને ભારત જોડો યાત્રાને સફળ બનાવવા દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિની ટીમ જોતરાઈ ગઈ છે.

કોંગ્રેસના રાહુલ ગાંધીનુ નગરમાં આગમન અને રેલી યોજવાની હોવાથી ગુજરાતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ દ્વારા ઝાલોદ નગરમાં તારીખ ૨૮-૦૨-૨૦૨૪ ના રોજ સાંજના સમયે રૂટ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગુજરાત કોંગ્રેસ તેમજ દાહોદ જિલ્લાના નેતાઓ ઝાલોદ નગરમાં આવેલ હતા અને તેઓએ રૂટ નિરીક્ષણ દરમ્યાન નગરમાં ચાની ચૂસકીની મજા પણ માણી હતી. આ જાહેર કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલ, ભરતસિંહ સોલંકી, અમિત ચાવડા, રોહન ગુપ્તા, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ,મનીષ દોશી, હિમ્મતસિંહ પરમાર તેમજ દાહોદ જિલ્લા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય, જિલ્લા પ્રમુખ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ તેમજ મોટા પ્રમાણમાં કાર્યકરો જોવા મળેલ હતા.

હાલ રાહુલ ગાંધી ચુંટણી પહેલાં દાહોદ જિલ્લામાં આવનાર હોવાથી દાહોદ જિલ્લા કોંગ્રેસ કાર્યકર્તાઓમા ઉત્સાહ જોવા મળી રહેલ છે. આ યાત્રાને સફળ બનાવવા ગુજરાત કોંગ્રેસ અને દાહોદ જિલ્લા કોંગ્રેસના મોટા નેતાઓ તૈયારીઓમા લાગી ગયેલ છે. રાહુલ ગાંધી નગરમાં ભારત જોડો યાત્રા લઈને આવશે તે દરમ્યાન નગરમાં રેલી અને સભા પણ યોજાનાર હોવાનું સંભળાઈ રહેલ છે.

# મતદાન જાગૃતિ માટે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ દ્વારા બાઈક રેલીને પ્રસ્થાન કરાવવામાં આવી

### મતદાન જાગૃતિ કાર્યક્રમ- સ્વીપ એક્ટીવીટી અન્વયે કલેક્ટર કચેરી નડિયાદથી ઈપ્કોવાલા હોલ સુધી બાઈક રેલી યોજવામાં આવી



। (માહિતી) નડિયાદ, તા.૨૯ ।

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અંતર્ગત સામાન્ય લોકોમાં મતદાન જાગૃતિ પ્રત્યે સભાનતા કેળવાય તે હેતુથી જિલ્લા ચુંટણી અધિકારીશ્રી અને કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવે કલેક્ટર કચેરી નડિયાદથી ઈપ્કોવાલા હોલ સુધી બાઈકને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

આ બાઈક રેલીમાં ખેડા જિલ્લામાં અંદાજીત ૨૫૦ બાઈક પર ૫૦૦ શિક્ષકો દ્વારા મતદાન જાગૃતિના વિવિધ બેનરો લઈ જિલ્લાના નાગરિકો મતદાન અંગે જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ પ્રસંગે અધિક નિવાસી કલેક્ટર શ્રી ભરત જોષી, નાયબ ચુંટણી અધિકારી શ્રી કુસુમબેન પ્રજાપતિ, નડિયાદ પ્રાંત અધિકારી શ્રી કલ્પેશ સુવેરા, નાયબ કલેકટર શ્રી વિમલ ચૌધરી, ગ્રામ્ય અને સીટી મામતલતદારશ્રીઓ, ચુટંણી વિભાગના અન્ય અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને શિક્ષકો જોડાયા હતા.

# પશુઓમાં થતા ખરવા-મોવાસા રોગને નાથવા રાજ્ય સરકાર સજ્જ

### બનાસકાંઠા જિલ્લામાં ખરવા-મોવાસા રોગચાળાના નિયંત્રણ માટે જ્ય સરકારે યુધ્ધના ધોરણે કાર્યવાહી કરી

। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

પશુઓમાં થતા ખરવા-મોવાસા રોગચાળાને નાથવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર સજ્જ છે. તાજેતરમાં જ બનાસકાંઠા જિલ્લાના કેટલાક ગામના પશુઓમાં ખરવા મોવાસા રોગચાળો જોવા મળતા રાજ્ય સરકાર દ્વારા પશુઓની સારવાર ઉપરાંત રોગચાળાને ફેલાતો અટકાવવા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી હતી.

પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલના દિશાનિર્દેશ હેઠળ પશુપાલન વિભાગ તેમજ વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળની બનાસ ડેરીના સહયોગથી તાત્કાલિક ધોરણે ખરવા મોવાસા રોગના અટકાવ અને નિયંત્રણ માટે રસીકરણ, સારવાર, લોકજાગૃતિ સહિતની સઘન કાર્યવાહી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા બનાસકાંઠાના ભાગળ, માલુપુર, ઝેટા, જામડા અને કોતરવાડાને મળી કુલ પાંચ ગામના પશુઓમાં ખરવા મોવાસા રોગચાળો જોવા મળ્યો હતો. આ ગામોમાં તાત્કાલિક ધોરણે ચૂસ્ત આઈસોલેશન અને સઘન સારવાર શરુ કરવામાં આવી હતી. જેના પરિણામે અત્યાર સુધીમાં ૮૭ અસરગ્રસ્ત પશુઓ સંપૂર્ણપણે સ્વસ્થ થયા છે.

ખરવા મોવાસા રોગચાળાના નિયંત્રણ અને સર્વેની કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦ ફરતા પશુ દવાખાના ફાળવવામાં આવ્યા છે. સાથે જ જિલ્લાની તમામ ગૌશાળા અને પાંજરાપોળના પશુઓમાં પણ જરૂરી સારવાર અને રસીકરણની કામગીરી કરવામાં આવી છે.

# ઝાલોદ હુઠી કંકાસીયા રોડ પર વળાંકમા બેરીકેટ વગર જોખમી ખાડાને લઇ અકસ્માતનો ભય



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ હુઠી કંકાસીયા રોડ પર નગર પાલિકા દ્વારા ડિવાઈડર વાળા પાકા રોડની સુંદર કામગીરી ચાલી રહી છે. આ રોડની એક બાજુનો પાકો સીમેંટ રોડ બનીને તૈયાર થઈ ગયેલ છે. આ હુઠી કંકાસીયા રોડ પર જતા વળાંકમા જ એક મોટો ખાડો આવેલો છે આ રસ્તો ટ્રાફિક થી ધમધમતો રહે છે. આવતા જતા રાહગીર કે વાહન ચાલકોને આ વળાંકમા આવેલ બેરીકેટ વગરના ખાડાને લઈ અકસ્માતનો ભય સતાવતો રહે છે. અને જો કોઈ મોટું વાહન આ બેરીકેટ વગરના ખાડાની નીચે ઉતરી જાય તો તે વાહન પલ્ટી ખાઈ જાય તેટલો મોટો ખાડો ત્યાં આવેલ છે. નગરપાલિકા સત્વરે આ ખાડાને જમીન લેવલ કરાવે અથવા તો આ ખાડાની પાસે બેરીકેટ મુકે જેથી આવતા જતા વાહન ચાલકોની સલામતી જળવાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે. આ રોડ પર રાત્રિ દરમ્યાન જો કોઈ નવો વાહન ચાલક અહીંયાંથી નીકળે તો તેના સાથે ચોક્કસ કોઈ અકસ્માત સર્જાઈ શકે તેવુ સ્પષ્ટ આ ખાડાને જોઈ લાગી રહ્યું છે. જેથી નગરપાલિકા ચોક્કસ આ ખાડા પર ધ્યાન આપી વાહન ચાલકોના હીતમા સત્વરે ધ્યાન આપે જેથી આવનાર દિવસોમાં કોઈ ગંભીર હોનારત ન સર્જાય.

# પ્રાકૃતિક કૃષિથી ખેડૂતોની ખુશી એક કામયાબ કૃષિ યાત્રા

। (માહિતી બ્યુરો) મોરબી, તા.૨૯ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતોની આવક ડબલ થાય અને કૃષિ ક્ષેત્રે ધરખમ ફેરફારો આવે એ માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સરકારના આ અભિગમને સુપેરે આગળ વધારી રહી છે પ્રાકૃતિક ખેતી પ્રણાલી. વડાપ્રધાનશ્રીના આ અભિગમ સાથે ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે માટે પ્રાકૃતિક કૃષિ સંવાદ સેમિનાર અને મુલાકાત સહિત વિવિધ કાર્યક્રમો થકી ખેડૂતોને માર્ગદર્શન આપી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા પણ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે જે થકી અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી પ્રકૃતિના સંવર્ધન સાથે સારી એવી આવક મેળવી રહ્યા છે. મોરબી જિલ્લામાં પણ અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી વિવિધ પાક લઈ રહ્યા છે. ત્યારે મોરબીના ધરમપુર ગામનાં પ્રાકૃતિક ખેતી કરતા મહેશ કુમારે જણાવ્યું હતું કે,''અમારા ગામમા મોટા ભાગના ખેડુતો પરંપરાગત ખેતી કરતા હતા. વર્ષો પહેલા આમારા વડીલો મગફળી એરંડા બાજરી જુવાર કઠોળ વગેરે પાકોનુ વાવેતર કરતા હતા. શરૂઆતમા એક એકરે બાજરીનું ૮૦ મણ કરતા પણ વધારે ઉત્પાદન મળતુ પણ જેમ જેમ વર્ષો વિતતા ગયા તેમ તેમ ગળતીયું ખાતરનો વપરાશ ઘટતો ગયો અને રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાનો ઉપયોગ વધતો ગયો જેથી જમીનની ફળદ્રુપતા ઘટવા લાગી. બાજરીમાં એકરે ઉત્પાદન ૮૦ મણ માથી ૫૦-૬૦ મણ થવા લાગ્યું. અમે રાજ્યપાલશ્રીના પ્રાકૃતિક ખેતીના સેમિનારમાં ભાગ લીધો હતો જેના પરથી અમને પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા મળી અને ફાર્મ પર ગાયોનો તબેલો બનાવ્યો અને રાસાયણિક ખાતરની જગ્યાએ ગળતીયું ખાતરનો ઉપયોગ કરવાનું વિચાર્યુ. ઉત્પાદન વેચાણ માટે સોશિયલ મિડીયા દ્વારા જાહેરાત કરી જરૂરિયાત મુજબ સીધું ગ્રાહકને વેચાણ કરું છું. અને વધારાનુ ઉત્પાદન ઓપન માર્કેટમાં વેચું છું.આમ પ્રાકૃતિક કૃષિ કરવાથી ખર્ચ ઘટવા લાગ્યો અને આવકમાં વધારો થવા લાગ્યો. પ્રકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપ્તામા વધારો થાય છે અને પર્યાવરણનુ રક્ષણ થાય છે. શુધ્ધ આહાર ખાવા માટે મળે છે અને પ્રાકુતિક કુષિમા ખર્ચ ઘટવાથી આવક વધારે મળે છે અને જમીન સુધરે છે. મહેશકુમાર જ્યારે રાસાયણિક ખેતી થી ખેતી કરતા ત્યારે તેમને ૭૪૫૦૦ નો ખર્ચ થતો જેની સામે એક લાખ ૪૫ હજાર જેટલી આવક આવતી જેથી નફાનો ગાળો ૭૧,૫૦૦ જેટલો રહેતો. આજે જ્યારે તેઓ પ્રાકુતિક ખેતી કરી રહ્યા છે ત્યારે તેમનો ખર્ચ ઘટીને ૬૯ હજાર થઈ ગયો છે જ્યારે સામે આવક વધીને ૧,૯૦૦૦૦ થઈ ગઈ છે જેથી નફાનો ગાળો પણ વધ્યો છે.

# વલસાડપારડીમાં પા પા પગલી પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા કક્ષાનો "વાલીઓ સાથે સંવાદોત્સવ" કાર્યક્રમ યોજાયો



। (માહિતી) સુરત, તા.૨૯ ।

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણના અસરકારક અમલીકરણ માટે ''પા પા પગલી'' પ્રોજેક્ટ અંતર્ગત આંગણવાડીનાં ૩ થી ૬ વર્ષના બાળકોના વિકાસને ધ્યાનમાં રાખી વલસાડ જિલ્લા કક્ષાનો ''શિક્ષણની વાત, વાલીઓ સાથેનો સંવાદોત્સવ'' કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતની અધ્યક્ષતામાં વલસાડપારડી ખાતે યોજાયો હતો. આ સાથે જ ભૂલકા મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટીવેશનલ સ્પીકર ગૌરાંગભાઈ પટેલે વાલીઓ સાથે સંવાદ કર્યો હતો. આંગણવાડીમાં આવતા નાના-નાના ભૂલકાંઓનાં જીવનમાં મહત્વનાં અને અમૂલ્ય એવાં જીવન ઘડતરનાં પાયાના વર્ષોમાં ગુણવતાયુકત પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપી બાળકોના સર્વાંગી વિકાસ વિશે ચર્ચા કરવામાં આવી હતી. બાળકોમાં રહેલી આંતરિક શકિતઓને બહાર લાવી તેમને સક્ષમ સાહસિક બનાવવામાં આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનો અને ''પા પા પગલી'' યોજના અંતર્ગત કાર્યરત પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટરોનો વિશેષ ફાળો છે. બાળકોના સર્વાંગી વિકાસ અને તેમના ઉજજ્વળ ભવિષ્ય માટે વાલીઓ સાથે સંવાદોત્સવ ખુબ જ જરૂરી બની જાય છે. વક્તા ગૌરાંગભાઈ પટેલ દ્વારા જાગૃતિસભર સંવાદ સાધી પોતાના બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દરેક પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર દ્વારા અભ્યાસક્રમ અને સંકલ્પના આધારિત જે સરળતાથી પ્રાપ્ત અને વેસ્ટ માંથી બેસ્ટ એવાં ટીએલએમ (ટીચિંગ લર્નિંગ મટિરિયલ) બનાવી તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે. તમને જો એમ લાગતું હોય કે મહત્વના કામ તમે અન્યોની મદદ વિના પણ પાર પાડી શકો છો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો. આજે કાર્ય ક્ષેત્ર માં ઘર ની કોઈ બાબત ને લીધે તમારી ઉર્જા ઓછી રહેશે?

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારો કૉલ લંબાવીને તમે તમારા રૉમેન્ટિક ભાગીદારને ચીડવશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમારા ચહેરા પર નિરંતર સ્મિત રહેશે અને અજાણ્યા લોકો પણ ઓળખીતા લાગશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી બીમારી તમારી નાખુશીનું કારણ હોઈ શકે છે. પરિવારની ખુશી પુનઃસ્થાપિત કરવા તમારે આમાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. સંબંધીઓ તમારી તરફ મદદનો હાથ લંબાવવા ઈચ્છુક હશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે.

## ન્યુઝ બોક્ષ

### જાપાન બાદ હવે સિંગાપુર ઘટી રહેલી વસતીથી ચિંતિત

। (એજન્સી) સિંગાપુર, તા.૨૯ ।

ભારત જેવા કેટલાક દેશો માટે વધતી વસતી માથાનો દુખાવો છે ત્યારે જાપાનની જેમ સિંગાપુર ઘટી રહેલી વસતીના કારણે ચિંતામાં મુકાયુ છે. સિંગાપુરની સરકારે બુધવારે જાણકારી આપતા કહ્યુ હતુ કે, દેશમાં જન્મ દર આ વર્ષે ઘટીને એક ટકાની નીચે જતો રહ્યો છે અને ૦.૯૭ ટકા છે. જે સિંગાપુરના ઈતિહાસમાં સૌથી નીચેના સ્તરે છે. સિંગાપુરમાં પીએમ ઓફિસના મંત્રી ઈન્દ્રાની રાજાહે બુધવારે સિંગાપુરની સંસદને જાણકારી આપી હતી. જે અંગે પ્રસિધ્ધ થયેલા મીડિયા રિપોર્ટ પ્રમાણે હવે સિંગાપુરમાં સરેરાશ જન્મ દર પણ ૨.૧ ટકા કરતા ઘટી ચુકયો છે અને સિંગાપુર અત્યારે એવા દેશોના લિસ્ટમાં છે જ્યાં વસતી ભયજનક રીતે ઘટી રહી છે. અત્યારે દુનિયામાં સૌથી ઓછો ૦.૭૨ ટકાનો જન્મદર દક્ષિણ કોરિયામાં છે. જ્યારે સિંગાપુરમાં ૨૦૨૩માં જન્મ દર ૦.૯૭ ટકા નોંધાયો છે. ૨૦૨૧માં દેશનો જન્મદર ૧.૧૨ ટકા હતો. સરકારના કહેવા પ્રમાણે ૨૦૨૩માં દેશમાં ૨૬૫૦૦ લગ્ન થયા હતા અને માત્ર ૩૦૫૦૦ બાળકો પેદા થયા હતા. સિંગાપુર માટે અત્યારની સ્થિતિ બેવડુ સંકટ લઈને આવી છે. એક તરફ વસતી ઘટી રહી છે અને બીજી તરફ દેશમાં વૃધ્ધોની સંખ્યા વધી રહી છે અને તેની અસર કેટલાક વર્ષો બાદ દેશની ઈકોનોમી પર પણ પડી શકે છે. દંપતિઓએ બાળકોની સાથે સાથે પોતાના ઘરડા માતા પિતાનુ પણ ધ્યાન રાખવાનુ હોય છે.

### ચૂંટણી પરિણામોમાં ધાંધલીને લીધે પાક.ને વૈશ્વિક ધિરાણકર્તા સહાય ટાળે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પાકિસ્તાનની જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ને પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે આર્થિક તંગીનો સામનો કરી રહેલા દેશ સાથે વધુ કોઈ બેલઆઉટ વાટાઘાટો પર વિચાર કરવા પહેલા ઓછામાં ઓછા ૩૦% રાષ્ટ્રીયઅનેપ્રાંતીયવિધાનસભાબેઠકોની ઓડિટની ખાતરી કરવાનો આગ્રહ કર્યો છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પાર્ટીના સ્થાપક ઈમરાન ખાને ગત અઠવાડિયે જાહેરાત કરી હતી કે તેઓ વૈશ્વિક ધિરાણકર્તાને કોઈપણ સહાય આપવાનું ટાળવા માટે કહેશે કારણ કે અધિકારીઓએ તેમની પાર્ટીને સત્તામાંથી બહાર રાખવા માટે ચૂંટણી પરિણામોમાં ધાંધલી કરી છે. પાર્ટીના અધ્યક્ષ ગોહર અલી ખાને પાર્ટીના મહાસચિવ ઓમર અયુબ ખાન સાથે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા પત્રની પુષ્ટિ કરી છે પરંતુ તેમણે તેની સામગ્રી શેર કરવાનો ઈનકાર કરી દીધો છે. પાર્ટીના એક પ્રવક્તાએ એ પણ કહ્યું કે, જ્યાં સુધી પાર્ટી દ્વારા તેને માન્યતા આપવામાં ન આવે ત્યાં સુધી પત્ર મીડિયા સાથે શેર કરવામાં નહીં આવશે.

## દેશમાં રોગોની સારવાર ખૂબ મોંઘી બની રહી છે

# તાવ, ઈન્ફેક્શન, કોલેસ્ટ્રોલ, સુગર સહિતની ૧૦૦ દવાઓ સસ્તી થશે

### NPPA ઇન્ડિયાએ ૬૯ નવા ફોર્મ્યુલેશનની છૂટક કિંમત અને ૩૧ની ટોચમર્યાદા કિંમત નક્કી કરી છે અને આ અંગે એક સૂચના પણ બહાર પાડવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દેશમાં રોગોની સારવાર અને સારવાર ખૂબ મોંઘી બની રહી છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકારે સામાન્ય લોકોને રાહત આપવા માટે નિર્ણય લીધો છે. ફ્રૈંછ એટલે કે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી એ ૬૯ નવા ફોર્મ્યુલેશનની છૂટક કિંમત અને ૩૧ની ટોચમર્યાદા કિંમત નક્કી કરી છે. આ પછી, કોલેસ્ટ્રોલ, સુગર, દુખાવો, તાવ, ચેપ, વધુ પડતું રક્તસ્રાવ, કેલ્શિયમ, વિટામિન ડીઉ, બાળકોની એન્ટિબાયોટિક્સ સહિતની ૧૦૦ દવાઓ સસ્તી થશે અને લોકોનો આરોગ્ય સંભાળ પરનો ખર્ચ ઘટશે. NPPA ઈન્ડિયાએ ૬૯ નવા ફોર્મ્યુલેશનની છૂટક કિંમત અને ૩૧ની ટોચમર્યાદા કિંમત નક્કી કરી છે અને તેના સંબંધમાં એક સૂચના પણ જારી કરવામાં આવી છે. ભારત સરકારના રસાયણ અને ખાતર મંત્રાલય હેઠળના ફાર્માસ્યુટિકલ્સ વિભાગના NPPAએ આ સૂચના બહાર પાડી છે. કોલેસ્ટ્રોલ, સુગર (ડાયાબીટીસ), દુખાવો, તાવ, ચેપ, અતિશય રક્તસ્રાવ બંધ કરવા, કેલ્શિયમ, વિટામિન ડીઉ, બાળકોની એન્ટિબાયોટિક્સ સહિતની એન્ટિવેનોમ દવાઓ પણ સસ્તી થશે. એન્ટિવેનોમનો ઉપયોગ સાપના કરડવાની સારવાર માટે થાય છે. NPPAના નવા ઓર્ડરથી ૧૦૦ દવાઓ સસ્તી થવાનો માર્ગ મોકળો થયો છે. બાળ આરોગ્ય સેવાઓ પર સરકારનું ધ્યાન બાળકો માટે સસ્તું એન્ટિબાયોટિક્સની ઉપલબ્ધતા પરથી જોઈ શકાય છે. NPPAની સ્થાપના નિયંત્રિત જથ્થાબંધ દવાઓ અને ફોર્મ્યુલેશનની કિંમતોમાં સુધારો કરવા અને દેશમાં દવાઓની કિંમતો અને ઉપલબ્ધતાને લાગુ કરવા માટે કરવામાં આવી હતી. આ ભારત સરકારનું સંગઠન છે જેની રચના ડ્રગ્સ (પ્રાઈસ કંટ્રોલ) ઓર્ડર હેઠળ કરવામાં આવી હતી. તેના કાર્યો કેન્દ્ર સરકારને દવાની નીતિમાં ફેરફાર અથવા સુધારા કરવા અને નિયમન કરાયેલ દવાઓની કિંમતો પર નજર રાખવાની સલાહ આપવાનું પણ છે. નોંધનીય છે કે દેશમાં કોરોના મહામારી બાદ દવાઓની કિંમતો અને મેડિકલ ખર્ચમાં બમણાથી વધુનો વધારો થયો હતો, જેના કારણે સરકારે ફેબ્રુઆરીની શરૂઆતમાં દવાઓના ભાવ ઘટાડવાનો નિર્ણય લીધો હતો. આવી સ્થિતિમાં, એક મહિનામાં બીજી વખત દવાઓના ભાવમાં થયેલા ઘટાડાથી સામાન્ય માણસને ચોક્કસપણે મોટી રાહત મળી છે. બજેટ બાદ જ સરકારે દર્દીઓ અને તેમના સ્વજનોને મોટી રાહત આપી હતી. ત્યારે ડાયાબિટીસના દર્દીઓ માટે પણ રાહતના સમાચાર છે. સામાન્ય માણસને મોટી રાહત આપતા કેન્દ્ર સરકારે સુગર, દુખાવા, તાવ, હ્રદય, સાંધાના દુખાવા નિવારક તેલ અને ઈન્ફેક્શનની દવાઓ સસ્તી કરી છે.

### રાજસ્થાનમાં પંચાયતની ચૂંટણી માટે બે બાળકોની નીતિ હતી

## રાજસ્થાનમાં બેથી વધુ બાળકો વાળાને સરકારી નોકરી નહીં મળે


। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

રાજસ્થાનમાં અત્યાર સુધી પંચાયતની ચૂંટણી લડતા ઉમેદવારો પર બે બાળકની નીતિ લાગુ પડતી હતી. હવે આ નિયમ સરકારી નોકરીઓ માટે પણ લાગુ કરવામાં આવ્યો છે. એટલે કે જો કોઈને ૨ થી વધુ બાળકો હશે તો તેને સરકારી નોકરી નહીં મળે. આ નીતિને લઈને સુપ્રીમ કોર્ટમાંથી પણ પરવાનગી મળી ગઈ છે. ઉલ્લેખનીય છે કે આ નીતિ લગભગ ૨૧ વર્ષ પહેલા પંચાયતની ચૂંટણી માટે ફરજિયાત બનાવવામાં આવી હતી. આવી સ્થિતિમાં, જે લોકો સરકારી નોકરી શોધી રહ્યા છે અને ૨ થી વધુ બાળકો ધરાવે છે તેમના માટે આ એક મોટો આંચકો છે. પૂર્વ સૈનિક રામલાલ જાટ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે આ નિર્ણય આપ્યો હતો. રામલાલ જાટ ૨૦૧૭માં નિવૃત્ત થયા હતા અને મે ૨૦૧૮માં તેમણે રાજસ્થાન પોલીસમાં કોન્સ્ટેબલની પોસ્ટ માટે અરજી કરી.

## સુપ્રીમે તેના ૨૦૧૮ના એશિયન રિસરફેસિંગ ચુકાદાને પલટી નાખ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સુપ્રીમકોર્ટે એક મોટો ચુકાદો સંભળાવતા તેના ૨૦૧૮ના એશિયન રિસરફેસિંગ ચુકાદાને પલટી નાખ્યો હતો. જેમાં એવી જોગવાઈ હતી કે હાઈકોર્ટ દ્વારા સ્ટેને આગળ ન વધારવામાં આવે તો સિવિલ તથા ગુનાઈત કેસમાં સુનાવણી પર રોક લગાવતા વચગાળાના આદેશ જારી થવાની તારીખથી ૬ મહિના બાદ આપ મેળે સમાપ્ત થઈ જાય છે. સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડ અને જસ્ટિસ અભય એસ.ઓકા, જે.પી. પારડીવાલા, પંકજ મિત્તલ તથા મનોજ મિશ્રાની સંયુક્ત બેન્ચે આ ચુકાદાને પલટી નાખ્યો હતો. ટોચની કોર્ટે નવા ચુકાદામાં કહ્યું કે ૬ મહિના બાદ ટ્રાયલ કોર્ટ કે પછી હાઈકોર્ટ તરફથી આપવામાં આવેલ સ્ટે આપમેળે સમાપ્ત ન થઈ શકે. ચુકાદો સંભળાવનારા જસ્ટિસ ઓકાએ કહ્યું કે બેન્ચ એશિયન રિસરફેસિંગ મામલે આપવામાં આવેલા નિર્દેશો સાથે સહમત નથી. બંધારણીય કોર્ટ આવા કેસનો નિકાલ લાવવા ટાઈમલાઈન નક્કી કરતાં બચે. જોકે સુપ્રીમકોર્ટે એમ પણ કહ્યું કે અપવાદવાળી સ્થિતિમાં આવું કરી શકાય છે. ઉલ્લેખનીય છે કે જૂના ચુકાદામાં સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે તમામ દિવાની અને ગુનાઈત કેસમાં કાર્યવાહી પર સ્ટેનો આદેશ ૬ મહિનાની સમયમર્યાદા વીતી જવા પર આપમેળે સમાપ્ત થઈ જશે.



કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની નવી દિલ્હીમાં પારસી સમુદાયના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

## આણંદ-ગોધરા સેક્શનમાં ડબલિંગ કામને કારણે કેટલીક ટ્રેનો રદ રહેશે

। આણંદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવેના આણંદ-ગોધરા સેક્શનના આણંદ-ઓડ સ્ટેશનો વચ્ચે ડબલિંગ કામને કારણે બ્લોકના કારણે ૦૧ માર્ચ ૨૦૨૪થી ૦૪ માર્ચ ૨૦૨૪ દરમિયાન કેટલીક ટ્રેનો રદ કરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છે:

**૧ માર્ચ ૨૦૨૪ ના રોજ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી**

૧. ટ્રેન નંબર ૦૯૩૧૫ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૨. ટ્રેન નંબર ૦૯૨૭૪ અમદાવાદ - આનંદ મેમુ સ્પેશિયલ
૩. ટ્રેન નંબર ૦૯૩૨૭ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૪. ટ્રેન નંબર ૦૯૨૭૫ આણંદ-ગાંધીનગર મેમુ સ્પેશિયલ
૫. ટ્રેન નંબર ૧૯૩૧૦ ઈન્દોર ગાંધીનગર શાંતિ એક્સપ્રેસ

**૨ માર્ચ ૨૦૨૪ ના રોજ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી**

૧. ટ્રેન નંબર ૧૯૩૧૦ ઈન્દોર-ગાંધીનગર શાંતિ એક્સપ્રેસ
૨. ટ્રેન નંબર ૨૦૯૦૭ દાદર-ભુજ સયાજી નગરી એક્સપ્રેસ
૩. ટ્રેન નંબર ૨૦૯૦૮ ભુજ-દાદર સયાજી નાગરી એક્સપ્રેસ

**૨ અને ૩ માર્ચ ૨૦૨૪ના રોજ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી**

૧. ટ્રેન નંબર ૦૯૩૧૫ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૨. ટ્રેન નંબર ૦૯૨૭૪ અમદાવાદ - આનંદ મેમુ સ્પેશિયલ
૩. ટ્રેન નંબર ૦૯૩૯૯ આણંદ-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૪. ટ્રેન નંબર ૦૯૩૨૮ અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ
૫. ટ્રેન નંબર ૦૯૩૨૭ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૬. ટ્રેન નંબર ૦૯૩૧૬ અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ
૭. ટ્રેન નંબર ૦૯૪૯૫ વડોદરા- અમદાવાદ મેમુ
૮. ટ્રેન નંબર ૦૯૪૯૬ અમદાવાદ - વડોદરા મેમુ
૯. ટ્રેન નંબર ૦૯૩૧૧ વડોદરા- અમદાવાદ મેમુ
૧૦. ટ્રેન નંબર ૦૯૪૦૦ અમદાવાદ - આનંદ મેમુ
૧૧. ટ્રેન નંબર ૦૯૨૭૩ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૧૨. ટ્રેન નંબર ૦૯૩૧૨ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૧૩. ટ્રેન નંબર ૦૯૨૭૫ આણંદ-ગાંધીનગર મેમુ સ્પેશિયલ
૧૪. ટ્રેન નંબર ૦૯૨૭૬ ગાંધીનગર-આણંદ મેમુ સ્પેશિયલ
૧૫. ટ્રેન નંબર ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ
૧૬. ટ્રેન નંબર ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ
૧૭. ટ્રેન નંબર ૧૯૩૦૯ ગાંધીનગર-ઈન્દોર શાંતિ એક્સપ્રેસ

**૪ માર્ચ ૨૦૨૪ ના રોજ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી**

૧. ટ્રેન નંબર ૦૯૩૧૬ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૨. ટ્રેન નંબર ૦૯૨૭૬ ગાંધીનગર-આણંદ મેમુ સ્પેશિયલ

**૨-૩ માર્ચ ૨૦૨૪ ના રોજ આંશિક રીતે રદ થયેલી ટ્રેનો**

૧.) ટ્રેન નંબર ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ ગુજરાત એક્સપ્રેસને વડોદરા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે, આમ આ ટ્રેન વડોદરા- અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.
૨.) ટ્રેન નંબર ૧૯૦૩૪ અમદાવાદ-વલસાડ ગુજરાત ક્વીન એક્સપ્રેસને અમદાવાદથી વડોદરા વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.
૩.) ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે, આમ અમદાવાદથી વડોદરા વચ્ચે આ ટ્રેન આંશિક રીતે રદ કરવામાં આવશે.
૪.) ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદથી ટૂંકમાં ઉપડશે અને આ રીતે વડોદરા-અમદાવાદ વચ્ચે આ ટ્રેન આંશિક રીતે રદ કરવામાં આવશે.

ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને રેલ્વે મુસાફરોને મુસાફરી કરવા વિનંતી છે. ટ્રેનોના રનિંગ ટાઇમ, સ્ટોપેજ અને કમ્પોઝિશન સાથે સંબંધિત વિસ્તૃત માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in મુલાકાત લઈ શકે છે.

### થાઈલેન્ડના રાજદૂતની ટિપ્પણીથી ભારત ભારે ગુસ્સે થયું

## ભારતે થાઈલેન્ડનો બહિષ્કાર કર્યો, ડબલ્યુટીઓમાં ચર્ચાનો ઈનકાર

### ભારત નિકાસ બજાર પર પ્રભુત્વ મેળવવા સબસિડીવાળા ચોખાનો ઉપયોગ કરી રહ્યો હોવાનો થાઈલેન્ડનો આક્ષેપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુટીઓ)માં થાઈલેન્ડના રાજદૂત પિમચાનોક વોક્રોર્પોન પીટફિલ્ડની ટિપ્પણીથી ભારત ભારે ગુસ્સે થયું હતું. જેના પછી આ મંચ પર જ ભારતે થાઈલેન્ડનો બહિષ્કાર કરી દીધો અને ડબલ્યુટીઓમાં તેની સાથે કોઈપણ પ્રકારની ચર્ચા કરવાનો ઈક્રાર કર્યો. ખરેખર થાઈ રાજદૂતે આરોપ લગાવ્યો હતો કે ભારત નિકાસ બજાર પર પ્રભુત્વ મેળવવા માટે જાહેર વિતરણ વ્યવસ્થા માટે ખરીદેલા 'સબસિડીવાળા' ચોખાનો ઉપયોગ કરી રહ્યો છે. તેમની આ ટિપ્પણીથી ફૂટનીતિક વિવાદ સર્જાયો હતો. ભારતે તેનો સખત વિરોધ વ્યક્ત કર્યો હતો અને ભારતીય મંત્રણાકારોએ જ્યાં થાઈલેન્ડના પ્રતિનિધિ હાજર હતા એ જૂથોની ચર્ચામાં ભાગ લેવાનો ઈક્રાર કરી દીધો હતો. થાઈલેન્ડના રાજદૂતે મંગળવારે એક સલાહ સૂચન માટે આયોજિત બેઠકમાં આ ટિપ્પણી કરી હતી, જેનું સમૃદ્ધ દેશોના કેટલાક પ્રતિનિધિઓએ સ્વાગત કર્યું હતું. તેનાથી અહીં ભારતીય પ્રતિનિધિમંડળ નારાજ થઈ ગયું. એવું માનવામાં આવે છે કે થાઈલેન્ડ હવે અમેરિકા, યુરોપિયન યુનિયન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિતના અન્ય દેશો સાથે ઊભું છે. આ દેશોએ એક દાયકા કરતાં વધુ સમયથી જાહેર સ્ટોક હોલ્ડિંગના કાયમી ઉકેલને બ્લોક કરી રાખ્યો છે. જ્યારે ભારત તેના ઉકેલ માટે સૌથી વધુ અવાજ ઉઠાવી રહ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારતે થાઈ સરકાર સમક્ષ સખત વિરોધ નોંધાવ્યો હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પણ યુએસટીઆર કેથરીન તાઈ અને ઈયુ કાર્યકારી ઉપાધ્યક્ષ વાલ્ડિસ ડોમ્બ્રોવસ્કી સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો.

### ટનલમાં ફસાયેલા ૪૧ના જીવ બચાવનારી ટીમમાં હતા

# દિલ્હી તંત્રએ રેટ-હોલ માઈનર વકીલ હસનના ઘર પર બુલડોઝર ફેરવી નાખ્યું

### એક વીડિયો મેસેજમાં હસને અધિકારીઓ પર કોઈપણ નોટિસ વિના તેમનું ઘર તોડી પાડવાનો આરોપ લગાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડીડીએ) દ્વારા 'ડિમોલિશન' અભિયાન દરમિયાન એ રેટ માઈનરના ઘર પર પણ બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું. આ એ રેટ માઈનર હીરો છે, જે ગત વર્ષે ઉત્તરાખંડમાં ઉત્તરકાશી જિલ્લામાં આવેલી સિલ્ક્યારા ટનલમાં ફસાયેલા ૪૧ શ્રમિકોના જીવ બચાવનારામાંના એક હતા. ડીડીએએ બુધવારે ખજૂરી ખાસમાં ઘણા મકાનો ધ્વસ્ત કરી દીધા. આ દરમિયાન રેટ-હોલ માઈનર વકીલ હસન પણ બેઘર થઈ ગયા હતા. એક વીડિયો મેસેજમાં હસને અધિકારીઓ પર કોઈપણ નોટિસ વિના તેમનું ઘર તોડી પાડવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે 'મારું ઘર જ એક માત્ર એવી વસ્તુ હતી જે મેં પુરસ્કાર તરીકે (ઉત્તરાખંડ બચાવ અભિયાન માટે) માંગી હતી. પરંતુ ડીડીએએ કોઈ પણ નોટિસ આપ્યા વિના મારું ઘર તોડી પાડ્યું.' વકીલ હસને કહ્યું કે, સરકારે મને આશ્વાસન આપ્યું હતું કે, તેમના ઘરને તોડવામાં નહીં આવશે પરંતુ તેમ છતાં મારું ઘર તોડી નાખવામાં આવ્યું. વીડિયોમાં તેમની સાથે રેસ્ક્યૂ ઓપરેશનના એક અન્ય સદસ્ય મુન્ના કુરેશી પણ હતા. તેમણે આરોપ લગાવ્યો કે, ઘટના દરમિયાન તેમના પર પોલીસ દ્વારા બર્બરતા કરવામાં આવી. તેમણે પોલીસ પર હસનના સગીર બાળકો પર પોલીસ સ્ટેશનમાં લઈ જઈને મારપીટ કરવાનો પણ આરોપ લગાવ્યો છે. ડીડીએદ્વારા રેટ માઈનરના ઘર પર અતિક્રમણની કાર્યવાહી કર્યા બાદ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓએ સરકાર પર સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ આ મુદ્દે સરકારને ઘેરતા એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં વકીલ હસનની પત્ની ભાવુક થઈને કહી રહી છે કે તેમના પતિ તો ઉત્તરકાશીના હીરો હતા. તેમણે ૪૧ શ્રમિકોના જીવ બચાવ્યા હતા. બધા તેમને સમ્માન આપી રહ્યા હતા અને આજે તે સમ્માનના બદલમાં મારું ઘર લઈ લીધુ. મોદીજી હાથ જોડીને કહે છે - સબકા સાથ, સબકા વિકાસ. અહીં અમારો વિકાસ ક્યાં છે? તેઓએ આવીને બાળકોને માર માર્યો, તેમને બહાર કાઢી મૂક્યા અને અમારું ઘર તોડી નાખ્યું. વકીલ હસન, મુન્ના કુરેશી અને મારા પુત્રને અંદર બંધ કરી દીધા. હસનની પત્નીએ આગળ કહ્યું કે, બધાને લઈ જઈને પોલીસ સ્ટેશનમાં બંધ કરી દેવામાં આવ્યા છે. અમે બાળકોના રિઝલ્ટ પણ ઘરમાંથી ન નીકાળી શક્યા બંધુ ત્યાં જ રહી ગયું. શું હવે સરકાર અમને જણાવશે કે, અમે ક્યાં જઈશું. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે વકીલ હસને પોતાનો જીવ જોખમમાં મૂકીને ઉત્તરકાશી ટનલમાં ફસાયેલા શ્રમિકોનો જીવ બચાવ્યો હતો. ત્યારે પોતાના પ્રચાર માટે ભાજપના મોટા-મોટા નેતાઓએ તેમની સાથે તસવીરો લીધી હતી.


STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS OF **'CHANNEL NINE NETWORK GUJARAT'** GUJARATI DAILY AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE & OF REGISTRATION ON NEWSPAPER

**(CENTRAL RULES 1956)**
**FORM-IV (SEE RULE-B)**

1. Place of Publication : Channel Nine Network Gujarat, 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,
2. Periodioly of its publication : Daily
3. No. of Page : 8
4. Price : 2:00
5. Printer's Name : PATEL SURESH RAMANLAL
   Whether Citizen on india : YES
   Address : 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,
6. Publisher's Name : PATEL SURESH RAMANLAL
   Whether Citizen on india : YES
   Address : 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,
7. Editor's Name : PATEL SURESH RAMANLAL
   Whether Citizen on india : YES
   Address : 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,
8. Name and address of individuals who own the Newspaper and partners OR Share Holders Holding More than one parcent : PATEL SURESH RAMANLAL, 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,

I **PATEL SURESH RAMANLAL** hereby declere that particulars given above are true to the best of my knowledge and belief.

Date : 29-02-2024

**PATEL SURESH RAMANLAL**
signature of publisher

**રોયલ ભોજન સાથે પ્રાદેશિક વાનગીઓની થીમ રહેશે** આગામી ૮ થી ૧૦મી માર્ચ સુધી સાબરમતી રિવરફ્રન્ટ સેન્ટર ખાતે ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે

# સાબરમતી રિવરફ્રન્ટ પર ફૂડ ફેસ્ટિવલ યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ, પુસ્તક મેળો, ફ્લાવર શો બાદ હવે ફૂડ ફેસ્ટિવલનુ પણ આયોજન અમદાવાદ મનપા દ્વારા કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત 'ફૂડ ફોર થૉટ ફેસ્ટ' ઉજવવામાં આવશે. સંપૂર્ણ શાકાહારી અવતારમાં ૮ થી ૧૦ માર્ચ સુધી ત્રણ દિવસીય ફૂડ ફેસ્ટિવલ સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાશે.

સ્વાદપ્રિય અમદાવાદીઓ માટે પ્રથમવાર મહાનગરપાલિકા દ્વારા ત્રણ દિવસીય ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૮ થી ૧૦મી માર્ચ સુધી સાબરમતી રિવરફ્રન્ટ સેન્ટર ખાતે ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે .જેમાં 'લક્ઝરી સ્વાદ' અને 'પ્રાદેશિક સ્વાદ' એમ બે થીમ પર ફૂડકોર્ટ હશે. કોફી લવર્સ માટે અલગ કોફી કોર્ટ પણ બનાવવામાં આવશે. અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ, પુસ્તક મેળો, ફ્લાવર શો બાદ હવે ફૂડ ફેસ્ટિવલનુ પણ આયોજન અમદાવાદ મનપા દ્વારા કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત 'ફૂડ ફોર થૉટ ફેસ્ટ' ઉજવવામાં આવશે. સંપૂર્ણ શાકાહારી સ્વરુપ માં ૮ થી ૧૦ માર્ચ સુધી ત્રણ દિવસીય ફૂડ ફેસ્ટિવલ સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાશે. બે લાખ ચોરસ ફૂટમાં યોજાનાર ફેસ્ટિવલમાં વાર્તાલાપ, કુકીંગ સ્કીલ અને વિચારોના આદાનપ્રદાન અને દક્ષિણ એશિયાના વિવિધ કુકીંગ વારસાની ઉજવણી થશે. જેમાં કેટલીક મોટી હસ્તીઓ અને નિષ્ણાતો, માસ્ટર શેફ સાથેની



વાનગીઓની શોધ સાથે સમગ્ર પરિવાર માટે અનુભવો દર્શાવતા ઈન્ફોટેનમેન્ટથી ભરપૂર રહેશે. ફૂડ ફેસ્ટિવલમાં જાણીતા શેફ અને નિષ્ણાતો લાઈવ ડેમો અને આહાર અંગે સમજણ આપતા કાર્યક્રમો પણ યોજાશે. જેમાં લંડનની નેટફિલેક્સ સ્ટાર શેફ અસ્મા ખાન, બાંગ્લાદેશ ટીવી સ્ટાર શેફ નાહિદ ઉસ્માન, આંતરરાષ્ટ્રીય સ્તરે વખાણાયેલી લેખક અને ખાદ્ય વિવેચક રશ્મિ ઉદય સિંહ, લિજેન્ડરી શેફ મનજીત ગિલ, શેફ સુવીર સરન, સેલિબ્રિટી શેફ અનાહિતા ઘોડી, નેપાળના રોહિણી રાણા. પદ્મશ્રી ડૉ. પુષ્પેશ પંત, સુપર મોડલ લક્ષ્મી રાણા, ફેશન ડિઝાઈનર નિખિલ મેહરા, પત્રકાર પૂજા તલવાર, નવાબ કાઝિમ અલી ખાન રામપુર, મહારાણી રાધિકા રાજે ગાયકવાડ બરોડાના કેટલાક નામ પણ સામેલ છે. દક્ષિણ એશિયાના દેશોના પ્રાદેશિક ભોજન અને લક્સ્ઝરી ભોજન માટેની બે અલગ અલગ થીમ નક્કી કરવામાં આવી છે. તો મુલાકાતીને જીવંત કોફી પ્લાન્ટ, લણણી કરેલ લીલી કોફી બીન્સ, શેકવાની પ્રક્રિયા, અરેબિકા અને રોબસ્ટાની જાતો વચ્ચેનો તફાવત અને છેલ્લે તાજી ઉકાળેલી કોફીનો સ્વાદ માણવાથી લઈને કોફીની મુસાફરીનો અનુભવ થાય એ માટે કોફી પેવેલિયન પણ હશે.

ફૂડ ફેસ્ટિવલમાં ત્રણ અલાગબલાગ પેવેલિયન બનાવવામાં આવશે. જેમાં અલગ અલગ પ્રકારના ભોજન મળશે. જનરલ એન્ટ્રી ફી ૫૦ રૂપિયા જ્યારે સ્પેશિયલ પેવેલીયનની એન્ટ્રી ફી ૧૫૦૦ થી ૩૦૦૦ હશે. જેમાં જમવાનું પણ આવી જશે. ત્રણ પેવેલિયનની વાત કરવામાં આવે તો બાલાસિનોર, ગોંડલ, ઢેંકનાલ, લીંબડી, ગ્વાલિયર જેવા રાજવી પરિવારોના વંશજો દ્વારા પ્રસ્તુત 'કિચન ઓફ ધ કિંગ્સ'ના સહયોગમાં શાહી પરિવારોની વાનગીઓનું પ્રદર્શન હશે.

## વેરાવળથી ઝડપાયેલા ડ્રગ્સ કેસમાં વધુ ૨ આરોપીની ધરપકડ

। (એજન્સી) વેરાવળ, તા.૨૯ ।

રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાયુક્ત પદાર્થો ઝડપાતા રહે છે. આવી જ એક ઘટના ગીર સોમનાથના વેરાવળમાં બની હતી. વેરાવળના દરિયા કાંઠેથી પકડાયેલા કરોડોના ડ્રગ્સ કેસમાં વધુ બે આરોપી પોલીસ સકંજામાં આવી ગયા છે. રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાયુક્ત પદાર્થો ઝડપાતા રહે છે. આવી જ એક ઘટના ગીર સોમનાથના વેરાવળમાં બની હતી. વેરાવળના દરિયા કાંઠેથી પકડાયેલા કરોડોના ડ્રગ્સ કેસમાં વધુ બે આરોપી પોલીસ સકંજામાં આવી ગયા છે. ગીર સોમનાથ પોલીસે જામનગરના બેડી વિસ્તારમાંથઈ પિતા – પુત્રની ધરપકડ કરી છે. ડ્રગ્સની ડિલેવરી સહિતની ભુમિકાને આધારે ધરપકડ કરવામાં આવી છે.



સુભાષ બ્રિજ પાસે RTOના કર્મચારી તેમની માંગણીને કારણે કરેલ દેખાવો.

## ન્યૂ કોલોની રેલવે ઇન્સ્ટિટ્યૂટ સાબરમતી દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



। અમદાવાદ, તા.૨૯ ।

વેસ્ટર્ન રેલવે અમદાવાદ ડિવિઝનની સાબરમતી ખાતે ન્યુ કોલોની રેલવે ઈન્સ્ટિટયૂટ સાબરમતી દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની ફાઈનલ મેચમાં ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી સુધીરકુમાર શર્મા મુખ્ય મહેમાન તરીકે જોડાયા હતા અને તમામ ખેલાડીઓ અને આયોજકોનો જુસ્સો અને ઉત્સાહ વધાર્યો હતો. ફાઈનલ મેચમાં ડીઝલ શેડ સાબરમતી અને એન્જીનીયરીંગ ફેકટરી સાબરમતી વચ્ચે રમાયેલ રસપ્રદ મેચમાં ડીઝલ શેડે એન્જીનીયરીંગ ફેકટરીને ૪૫ રને હરાવી જીત મેળવી હતી. આ પ્રસંગે વરિષ્ઠ વિભાગીય યાંત્રિક ઈજનેર, ડિઝલ શેડ સાબરમતી અને સંસ્થાના અધ્યક્ષ અશોક કુમાર અને સચિવ ઈન્સ્ટિટ્યૂટ અબુલ કલામ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શિવશંકર બુંદેલા અને સૌરભ ગૌતમે કર્યું હતું.

**વાડજ પોલીસ સ્ટેશન ગુનો દાખલ**

## પતિએ પત્નીને છુટાછેડા આપ્યા વગર બીજા લગ્ન કરી લીધા

**મેરેજ રજીસ્ટ્રાર કચેરીમાં પણ ખોટા ડોક્યુમેન્ટ્સ અને સાક્ષી રજુ કરી પોતે અપરિણીત હોવાનું બતાવીને છેતરપિંડી આચરી હતી**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

શહેરમાં રહેતી એક યુવતીએ એક યુવક સાથે થોડા સમય પહેલા લગ્ન કર્યા હતા. જો કે યુવતી ગુમ થતાં તેના પિતાએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલે પરદો ઉચકાયો હતો. ત્યારે યુવતીના પિતાએ જમાઈ બાબતે તપાસ કરતા તે પરિણીત હોવાનું સામે આવ્યુ હતું. આટલું જ નહિ છુટાછેડા આપ્યા વગર તેણે બીજા લગ્ન કર્યા હતા. સાથે જ મેરેજ રજીસ્ટ્રાર કચેરીમાં પણ ખોટા ડોક્યુમેન્ટ્સ અને સાક્ષી રજુ કરી પોતે અપરિણીત હોવાનું બતાવીને છેતરપિંડી આચરી હતી. જે મામલે યુવતીના પિતાએ જમાઈ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દરિયાપુરમાં રહેતા ૫૧ વર્ષીય આધેડે પહેલી પત્ની સાથે છુટાછેડા લઈને બીજા લગ્ન કર્યા હતા. ગત તા. ૨૦મીએ તેમની ૨૫ વર્ષીય દીકરી ગુમ થતાં તેમણે દરિયાપુર પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ બાદ આધેડને જાણવા મળ્યુ કે પુત્રીએ દરિયાપુરના ૩૨ વર્ષીય યુવક સાથે ૧૧.૭.૨૦૨૩ના રોજ લગ્ન કરી લીધા હતા. જેથી આધેડે તપાસ કરતા તેમના જમાઈએ અગાઉ લગ્ન કર્યા હતા અને તેની પત્નીએ છુટાછેડા પણ આપ્યા ન હતા. સાથે જ ઘીકાંટા કોર્ટમાં ઘરેલુ હિંસા તેમજ ભરણપોષણનો કેસ પણ ચાલુ છે.

**આંબામાં ભુકોછારી અને મધીયો રોગ આવવાની શક્યતા**

## વાતાવરણમાં પલટો આવતા કેરીનાં પાકમાં રોગની શક્યતા

**સૌરાષ્ટ્રનાં અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ અને દક્ષિણ ગુજરાતનાનવસારી, વલસાડ, સુરતમાંકેરીનું ઉત્પાદનથઇરહ્યુંછે**

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૯ ।

ગુજરાતનાં કેટલાક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ અનેક વિસ્તારમાં વાદળછાયુ વાતાવરણ છે. તેમજ બપોરના સમયે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. તેમજ અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ તથા દક્ષિણ ગુજરતમાં કેરીનું ઉત્પાદન થઈ રહ્યું છે. વિષમ વાતાવરણનાં કારણે કેરીના પાકને અસર થઈ શકે છે. આંબામાં ભુકોછારી અને મધીયો રોગ આવવાની શક્યતા છે. ત્યારે વાદળછાયા વાતાવરણ વચ્ચે કેરીનાં પાકમાં શું કાળજી રાખવી તે અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પરિવર્તન આવ્યું છે અને વાદળછાયુ વાતાવરણની સાથે બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આવી પરિસ્થિતિમાં આંબાની ખેતી કરતા ખેડૂતોને કેરીના પાકમાં રોગ જીવાત આવવાની શકયતા રહેલી છે. જેના પગલે કેરીના ઉત્પાદનમાં ઘટાડો થવાની પણ શકયતા છે. આ વાદળછાયા વાતાવરણમાં કેરીના પાકમાં ભૂકીછારો અને મધીયો નામનો રોગ આવવાની શકયતા છે. માટે ખેડૂતોને મધીયાના નિયંત્રણ માટે ઈમીડા- ૪મી. લિ. અથવા થાયોમીથોક્સમ ૩ ગ્રામ અથવા બીટા સાયફ્લુથ્રીન ઈમીડાકલોપ્રીડ ૫ મી.લિ. અથવા બ્યુપ્રોફેનઝીન મી.લિ. દવાનો ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવું જોઈએ.

**૫ ખાનગી અને ૮ GMERS કોલેજ ખોલવામાં આવી**

## રાજ્યમાં છેલ્લા ૩૦ વર્ષમાં એક પણ સરકારી મેડિકલ નથી ખુલી

**રાજ્યમાં કુલ મેડિકલ કોલેજની ૭૦૫૦ સિટો પૈકી ૧૪૦૦ બેઠકો સરકારી કોટામાં અભ્યાસ કરે છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

રાજ્યમાં છેલ્લા ૩૦ વર્ષમાં કોઈ સરકારી મેડિકલ કોલેજ શરૂ કરવામાં નહિ હોવાની વિગતો સામે આવી છે. કોંગ્રેસનાં ધારાસભ્ય અમિત ચાવડાનાં પ્રશ્નમાં સરકારે આ જવાબ આપ્યો છે. સરકારે જણાવ્યું કે, નવી ૧૩ મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવી જેમાં ૫ ખાનગી અને ૮ GMERSની મેડિકલ કોલેજો ખોલવામાં આવી છે. રાજ્યમાં કુલ મેડિકલ કોલેજની ૭૦૫૦ સિટો પૈકી ૧૪૦૦ બેઠકો સરકારી કોટામાં અભ્યાસ કરે છે. સરકારે આગામી સમયમાં દરેક જિલ્લામાં મેડિકલ કોલેજો કોલેજો શરૂ કરવામાં આવશેનો સરકારે જવાબ આપ્યો છે. મેરીટમાં આવતા ૬ વિદ્યાર્થીઓ ને સરકારી મેડિકલ કોલેજમાં એડમિશન આપવામાં આવે છે. ૭૫ ટકા વિદ્યાર્થીઓને વિવિધ યોજનાનાં લાભો આર્થિક મદદ માટે કરવામાં આવતા હોવાની સરકારે વાત કહી છે. દેશમાં મેડિકલ કોલેજોની કુલ સંખ્યા ૭૦૪ છે, જેમાં ખાનગી અને સરકારી મેડિકલ કોલેજોનો સમાવેશ થાય છે. થોડા સમય પહેલા સરકારે લોકસભામાં આ માહિતી આપી હતી. લોકસભામાં પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાજ્યકક્ષાના પ્રધાન ભારતી પ્રવીણ પવારે જણાવ્યું હતું કે દેશની ૭૦૪ મેડિકલ કોલેજોમાં ૧૦૭૯૪૮ એમબીબીએસની બેઠકો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૧૪થી મેડિકલ કોલેજોની સંખ્યામાં વધારો થયો છે અને તેમાં ૮૨ ટકાનો વધારો થયો છે. અગાઉ મેડિકલ કોલેજોની સંખ્યા ૩૮૭ હતી જે હવે વધીને ૭૦૪ થઈ ગઈ છે. તે જ સમયે, ૨૦૧૪ થી એમબીબીએસની બેઠકોમાં ૧૧૦ ટકાનો વધારો થયો છે, જ્યારે ૨૦૧૪ માં આ બેઠકો માત્ર ૫૧,૩૪૮ હતી, જે હવે વધીને ૧૦૭૯૪૮ થઈ ગઈ છે. તેમાંથી ૫૬,૨૮૩ બેઠકો સરકારી મેડિકલ કોલેજોની છે અને બાકીની ૫૧૬૬૫ બેઠકો ખાનગી મેડિકલ કોલેજોની છે. રાજ્યમંત્રી ભારતી પ્રવીણે એમ પણ કહ્યું કે ૭૦૪ મેડિકલ કોલેજોમાંથી ૩૭૯ સરકારી કોલેજો અને ૩૧૫ ખાનગી મેડિકલ કોલેજો છે. તે જ સમયે, NEET PG સીટોમાં ૧૧૭ ટકાનો વધારો થયો છે. ૨૦૧૪ માં, NEET PG બેઠકો ૩૧૧૮૫ હતી જે હવે વધીને ૬૭,૮૦૨ થઈ ગઈ છે. મંત્રીએ એમ પણ કહ્યું કે તમિલનાડુમાં સૌથી વધુ મેડિકલ કોલેજો (૭૪) છે. આ પછી કર્ણાટકમાં ૭૦ મેડિકલ કોલેજ છે. યુપીમાં ૬૮, મહારાષ્ટ્રમાં ૬૭, તેલંગાણામાં ૫૬, રાજસ્થાનમાં ૩૫, પશ્ચિમ બંગાળમાં ૩૫, એમપીમાં ૨૭, બિહારમાં ૨૧, હરિયાણામાં ૧૫, ઝારખંડમાં ૯ અને પંજાબમાં ૧૨ મેડિકલ કોલેજો છે.

## સેન્ટ્રલ જેલમાં કેદીઓ આપશે SSC અને HSCની પરીક્ષા

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

સમગ્ર ગુજરાતમાં માર્ચ મહિનામાં એસ.એસ.સી અને એચ.એસ.સી બોર્ડ પરીક્ષા શરૂ થવા જઈ રહી છે, તેથી પરીક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જેમાં ખાસ કરીને આ વર્ષે એસ.એસ.સી અને એચ.એસ.સી બોર્ડ પરીક્ષામાં સ્કૂલોના વિદ્યાર્થીઓની સાથે સેન્ટ્રલ જેલના ૨૨ કેદીઓ પરીક્ષા આપવાના છે, જેની પણ તંત્ર દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ પરિપૂર્ણ કરી દેવામાં આવી છે. બોર્ડ પરીક્ષામાં વડોદરા શહેર જિલ્લામાંથી ૭૫,૩૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે, જેના માટે જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા ધોરણ ૧૦ની એસ.એસ.સી બોર્ડની પરીક્ષા માટે ૯૦ કેન્દ્રની પસંદગી કરવામાં આવી છે, જ્યારે ધોરણ ૧૨ એચ.એસ.સી બોર્ડની પરીક્ષા માટે ૪૦ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. સ્કૂલોના સામાન્ય વિદ્યાર્થીની સાથે વડોદરા સેન્ટ્રલ જેલના કેદીઓ પણ આ વર્ષે બોર્ડની પરીક્ષા આપવાના છે, જેમાં એસ.એસ.સી ધોરણ ૧૦ ની બોર્ડ પરીક્ષામાં ૧૧ તેમજ ધોરણ ૧૨ ની એચ.એસ.સીની બોર્ડ પરીક્ષામાં ૧૧ મળી કુલ ૨૨ કેદીઓ બોર્ડની પરીક્ષા આપવાના છે. ત્યારે સેન્ટ્રલ જેલના વહીવટી તંત્ર દ્વારા પણ કેદીઓની બોર્ડ પરીક્ષા માટેની તૈયારીઓ પરિપૂર્ણ કરી દેવામાં આવી છે જેમાં એક વિશેષ રૂમ પરીક્ષા માટે ફાળવવામાં આવ્યો છે. જે રૂમમાં સીસીટીવી કેમેરાની બાજ નજર હેઠળ પરીક્ષા લેવાશે. સેન્ટ્રલ જેલમાં લેવાનાર પરીક્ષામાં પણ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીમાંથી સુપરવાઈઝર, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર ઉપરાંત જેલના સુપ્રિટેન્ડેન્ટ પણ પરીક્ષા પર સતત સુપરવિઝન કરશે. જેલમાં પરીક્ષા આપનાર કેદીઓ માટે વેલ્ફર ફંડમાંથી કેદીઓને જોઈતા પ્રમાણમાં પુસ્તકો, નોટબુક, પેન સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.







## રાજ્યના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

રાજ્ય સરકારના આ નિર્ણયથી ૪.૪૫ લાખ કર્મચારી અને ૪.૬૩ લાખ પેન્શનધારકોને લાભ મળશે. NPSમાં કર્મચારી ૧૦ ટકા અને રાજ્ય સરકાર ૧૪ ટકા ફાળો આપશે. તો LTCની ૧૦ રજાની ચુકવણી પણ સાતમા પગારપંચ મુજબ કરવામાં આવશે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરી માહિતી આપી છે. ગુજરાત સરકારના કર્મચારીઓ માટે વધુ એક ખુશીના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારના કર્મચારીઓના હિતમાં સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારો ૮ માસની તફાવત રકમ સાથે એટલે કે જુલાઈ ૨૦૨૩થી અત્યાર સુધીનો ૩ હપ્તામાં ચૂકવાશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી ૪.૪૫ લાખ કર્મચારી અને ૪.૬૩ લાખ પેન્શનધારકોને લાભ મળશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨